બાળગીત સંગ્રહ.

સંયોજક અને પ્રકાશક,

ભાઈચંદ પુંજાદાસ શાહ.

હેડમાસ્તર, તાલુકા સ્કુલ સાદરા (મહીકાંઠા.)

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

શ્રી "જ્ઞાનમન્દિર" પ્રિન્ટિંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યા.

સાંકડીશેરી રોડ—અમદાવાદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કિંમત ત્રણ આના.

અભ્યર્થના.

વિજય વિજય અમ ભૂપ જ્યોર્જનો,
સામ્પ્રત યુદ્ધમાં થાઓ રી...
દુશ્મન દળપર હિન્દ, બ્રિટનને,
હે પ્રભુ ! વિજય અપાવો રી...
ન્યાય ધર્મ, ને સત્ય કાજે છે,
જહેઁઓ રણે સિધાવ્યા રી...
સિંહ સમા વીર બ્રિટન તનુઓ,
સંગ હિન્દવીર ધાયા રી...
ઘોર ભયે લખ 'માનવ' મરતાં
પશ્ચિમ ભોમાં આજે રી...
અટકાવા એ પાપ પ્રગતિને
હે પ્રભુ ! સ્હાય તું થાજે રી...
દુશ્મન બળ સહુ અબળ ! બનો એ,
[1]હિન્દ તનુ સહુ પાર્થે રી...
જય જય જય અમ ભૂપનો થાઓ,
[2]નિશ્ચય બાળ સૌ વાંચ્છે રી...

સીતારામ જે. શર્મા.

---

[1] હિન્દીઓ, [2] 'સીયારામ' એ શબ્દો મૂળમાં છે. પરંતુ બાળકો માટે ઉપયોગમાં લેવા માટે થટલો ફેરફાર કર્યો છે.

બાળગીત સંગ્રહ.

સંયોજક અને પ્રકાશક,

ભાઈચંદ પુંજાદાસ શાહ.

હેડમાસ્તર, તાલુકા સ્કુલ સાદરા (મહીકાંઠા.)

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

શ્રી "જ્ઞાનમન્દિર" પ્રિન્ટિંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યા.

સાંકડીશેરી રોડ—**અમદાવાદ.**

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કિંમત ત્રણ આના.

માતૃભૂમિ વંદન.

પદ.

નમીએ ભારતી મમ જનની
હે—ભારતી મમ જનની
ફૂલવતી-ફલવતી-વસુમતી-સુખદા
આ—ભારતી મમ જનની નમીએ

ગંગા યમુના સિંધુ નર્મદાથી સુજલ તું સુખદાતા,
રામેશ્વર હરદ્વાર દ્વારિકા જગન્નાથ જગત્રાતા,
ભારત અર્જૂન રામ કૃષ્ણ હરિશ્ચંદ્ર નરેંદ્રની માતા,
કવિ કુલ ચર્ચિત કૂસુમ પરિમલે વિશ્વ વિષે વિખ્યાતા,
હે માત ! (૨)—આ તનુ દાતા—
તુજ થકી જનમ્યા (૨)
ઋષિ મુની કરી પંકાતા
આ—ભારતી મમ જનની. નમીએ.

વિષમ વખતમાં માત વસંતાં તેત્રીશ ક્રોડ વિહંગ,
દુઃખદ સ્થીતિ નીતિ રીતિ નથી સઘળી પુણ્યથી પુનિત પ્રસંગ.[1]
વંદન કરીએ વાર વાર ભર ઉદધિ તણે ઉત્સંગ,
વરતો વહાલી વસુંધરા તવ-વિજય વિજય શ્રીરંગ.
હા—રંગ—પાસું ઉમંગ –
જીવિત સફળ મમ માત પામતાં
તુજ ચર્ણામૃત ગંગ—
આ ભારતી મમ જનની. નમીએ.

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ કૃત.
સુવર્ણ કુમારીમાંથી

---

૧ ઇગ્લંડ વાસીઓના સંબંધ.

પ્રસ્તાવના.

આ નાનકડા પુસ્તકને પ્રસ્તાવનાની જરૂર પણ નથી. શિક્ષક તરીકેના લાંબા અનુભવથી મને સમજાયું છે કે—આવાં ગીતો કે જેમાં સરળ રાગ રાગણી હોય, તે બાળકો સહેલાઈથી મુખપાઠ કરી શકે છે અને તે દ્વારા તેમનાં કુમળાં મન ઉપર, સંગીતના આનંદ સાથે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ઇશ્વર સ્તુતિ, રાજસ્તુતિ, અને નીતિની ઊંડી સજ્જડ વજ્રલેપ છાપ પડે છે. તે સાથે ઉત્તમ નીતિ-શિક્ષણ પણ મળે છે. જેથી આવાં ગીતો, શાળાઓમાં વિદ્યાર્થીઓમાં છૂટથી વંચાતાં અને ગવાતાં થાય એ ઇચ્છવા જેવું છે. એ ઉદ્દેશથી હું આ બાળગીત સંગ્રહરૂપી યત્કિંચિત પ્રયાસ જનસેવામાં સમર્પણ કરૂં છું.

શાળાનું દરરોજનું કામ શરૂ કરતાં પહેલાં, પ્રારંભમાં આવાં ગીતો ગવરાવી, પછી અભ્યાસ શરૂ કરવામાં આવે છે એવો પ્રથા હાલમાં ચાલુ છે. અનુભવથી જણાયું છે કે આથી બાળકોને ઘણો આનંદ થાય છે અને તેની ઊંડી છાપ પડે છે.

"બાળગીત" અને "બાળગીત માળા" વગેરે પુસ્તકો કેળવણી ખાતા તરફથી તેમજ બાળ કેળવણીની લાગણી જેમના હૃદયમાં રમી રહી છે એવા સભ્ય શિક્ષકો અને સજ્જનો તરફથી બહાર પાડવામાં આવ્યાં છે તેમાં આ સંગ્રહનો ઉમેરો કરૂં છું.

આ સંગ્રહમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના મે. ઓનરરી સેક્રેટરી સાહેબે દલપત્ત કાવ્ય અને શિક્ષાવચનમાંથી દસ ગીતો લેવાની મંજુરી આપી છે; તેમજ જે જે લેખકોએ મહેરબાની કરી પોતાનાં ગીતો મૂકવા સંમતિ આપી મને મોકલી આપ્યાં છે

તેમનો હું આભારી છું. કેટલાંક ગીતો મળેલાં હતાં તેને સુધારી વધારી ઉપયોગી થઈ પડે તેવા રૂપમાં મૂક્યાં છે. અને આશા રાખું છું કે હવે પછી અનુભવી શિક્ષકો, કેળવણીને ચાહનારા હિતચિંતકો, સાદી અને સરળ ભાષામાં આ સંગ્રહને ઉપયોગી ગીતો જો મને મોકલશે તેમજ આ સંબંધમાં યોગ્ય સુચના કરશે તો તે આભાર સાથે સ્વીકારવામાં આવશે.

આ મારો પ્રથમ પ્રયાસ છે જેથી આશા રાખું છું કે જનસમાજ તરફથી મને યોગ્ય ઉત્તેજન અને આવકાર મળશે.

સાદરા તાલુકા સ્કુલ.	ભાઇચંદ પુંજાદાસ શાહ
જુન સને ૧૯૧૫.	હેડમાસ્તર, તાલુકા સ્કુલ સાદરા

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૫	૩	જ્યોજ	જ્યોર્જ
૨૧	૧૫	કુમે	ક્રમે
૪૮	૧૮	બક્ષી ૮ મી	બક્ષીસ ૮ મી.
૫૨	૩	વખાણુ એ	વખણાએ
૬૩	૧૯	પેશન	પેન્શન

બાળગીત સંગ્રહ.

પ્રભુ સ્તુતિ.

૧.

દોહરો.

ઓ પ્રભુ ! તું છે જગતનો, સમર્થ સરજન હાર;
અંતરથી તુંજને નમું, તું કર મારી વ્હાર.

૨

ધન્યાશ્રી.

જય જય જગદાધાર...........
નમીએ...... ..... જય જય.
વિશ્વતણા આધાર............ નમીએ.
પ્હાડ પાણી પૃથ્વી નીપજાવ્યાં,
સરજાવ્યાં નરનાર............ નમીએ.
અકળકળા અવિનાશી તમારી,
અમપર અતી ઉપકાર .... નમીએ.

નિયમિતે દરરોજ નિશાળે,
પાઠનો પામી પાર........ નમીએ.
માતપિતા ગુરૂ વડિલ સરવને,
આપીએ હર્ષ અપાર...... નમીએ.
માતૃ ભૂમિને વીરનરોને,
વંદી વાર હજાર............ નમીએ.
દેશ ભૂમિને ઓર દીપાવી,
ખોલી ઉદયનાં દ્વાર......... નમીએ.
નમન કરી મહારાજા જયોર્જને,
ઈચ્છીએ જય જય કાર...... નમીએ.

૩

હે પ્રભુ તારી કુદરત ન્યારી, અદ્‌ભુત રચના લીલા સારી,
જળ સ્થળ વાદળ. પર્વત ભારી, નહેરો નાળાં ભૂપર વારી;
હે પ્રભુ. ૧
બાગ બગીચા સુંદર વાડી, વિવિધ વસ્તુ ઋતુ વિસ્તારી,
એ સહુ પાળકની બલીહારી, ગાયે કુદરત લીલા સારી.
હે પ્રભુ. ૨

૪

કેવી મનોહર લીલા અજબ આ !
જગમાં રહી છાઈ માયા પ્રભુની. કેવી.
વાસો વસે એ...જેના હૃદયમાં
નાખે ડોલાવી, એ ધુતી વિભુની. કેવી.
(નાટક ઉપરથી)

૫

દોહરા.

પ્રભુ નજરે તો નવ પડે, ઉચરે નહિ ઉચ્ચાર;
જગ રચનાથી જાણિયે, જે છે જગ કરતાર. ૧
ઉપરી વિણ નિશાળનો, રહે ન બંદોબસ્ત;
નીભે કેમ પ્રભુ વિના, વિશાળ સૃષ્ટિ સમસ્ત. ૨
જેણે પ્રાણી જનમતાં, પહેલું પ્રગટયું દૂધ;
એ પ્રભુને નહિ ઓળખે, એથી કોણ અબુદ્ધ. ૩

(શિક્ષાવચન.)

૬

ભુજંગી.

કુટુંબી જનો સર્વ મિત્રો અમારા,
રહે તે શરીરે સુખી સર્વ સારા;
સદા સુચવો તેમને સદ્વિચાર,
જગાધીશને વંદીએ વારવાર. ૧
સદાચાર નીતિ અમે આચરીએ,
તમારા સદા ઉપકારો સ્મરીએ;
કરો તેજ ભક્તિ તમે અંગિકાર;
જગાધીશને વંદીએ વારવાર. ૨

(શિક્ષાવચન.)

૭

ધન્યાશ્રી.

ભાવ થકી ભગવાન ભજોરે ભાઈ,
ભાવ થકી ભગવાન.

ઈશ્વર સમ કો અંત તણું નથી,
જન્મ જીવન અવસાન. ભજોરે. ૧
ચંદ્ર સુરજને ગૃહ નીપજાવ્યા.
*વાયુ વહે વિમાન. ભજોરે. ૨
દર પળ તેને યાદ કરીને,
મેળવજો સહુ જ્ઞાન. ભજોરે. ૩

૮

વિભુ તારો વિશ્વાસ, અમોને વિભુ તારો વિશ્વાસ;
તોડી તિમિરતણા દળતારક, પાથર તારો પ્રકાશ. અમોને. ૧
ઉત્સાહી કર આગળ વધવા, નિરબળતા કર નાશ; અમોને. ૨
અધમ ઉધારણ સદ્‌વિદ્યા દે, બાલકની એ આશ. અમોને. ૩

૯

પદ.

આનંદ આનંદ આજ અમારે,
વિનય વિવેકથી વસ્તુ વિચારે. આનંદ. ૧
ધામ ધરા ધન સુખજ આપે,
એ નિજ રૂપના પ્રૌઢ પ્રતાપે. આનંદ. ૨
પુત્ર કલત્ર કુટુંબ વગેરે,
સુખદ દેખું સદા કોઇ પેરે. આનંદ. ૩

---

* મનુષ્યોની બુદ્ધિ વિમાન સુધી પહોંચી છે, પરંતુ તેને વહન કરનાર વાયુ છે તે વાયુ ઈશ્વરે સરજાવ્યો છે.

સાંભળું જોઉં જગતમાંહિ જે જે,
હુંથી નહિં કાંઇ નાંખું રહે તે, આનંદ. ૪
કેશવ અંતરયામી પ્રતાપે,
વિશ્વ વિલાસ સદા સુખ આપે. આનંદ.
(કેશવકૃતિ)

૧૦

કાયા છે ત્યાં સુધી કરો સ્મરણ કીરતારનુંરે,
જતન કર્યું જઠરામાં જેણે,
તારો દેહ રચ્યો છે તેણે;
તેણે કામ કર્યું છે અતિ ઉપકારનુંરે. કાયા. ૧
પ્રસવ થતાં પહેલાં પય કીધું,
માતાના સ્તનમાં રચી દીધું;
તેણે કારજ સાધ્યું છે તારા અહારનુંરે. કાયા. ૨
કાન નેત્ર કીધાં છે કેવાં,
સર્વ અંગ અમૂલખ એવાં;
અંતઃકરણ કીધાં છે વિવિધ વિચારનાંરે. કાયા. ૩
દાંત દીધા હસવા નહી *ખાવા,
અન્ન શરીર પોષણને ચહાવા,
કર સુકૃત કરવાને આપ્યા આપણારે. કાયા. ૪

૧૧

ઇશ્વર પ્રાર્થના.

પ્રભુ તારી ગતિ અતિ ન્યારી..........ટેક.

---

* પણ અહીં અધ્યાહાર છે.

ન્યારી નિરંતર સૌ ફર અંતર, અંત શકે ન વિચારી. (૨) પ્રભુ.
સર્વ ચરાચરનો તું કર્ત્તા, ભૂ ભર્ત્તા ભવ હારી. (૨) પ્રભુ.
રૂપ અરૂપ અનુપમ શોભા, વદી ન શકું વિસ્તારી. (૨) પ્રભુ.
નિત્ય નિયંતા નાથ નિરામય, નિશ્ચલ વિશ્વ વિહારી. (૨) પ્રભુ.
નારદ શારદ શેષ પરાસર, ગાય ગુણે સ્તુતિ તારી. (૨) પ્રભુ.
સત્યાધિશ પરમ શાંતિથી, વિનંતિ સુણીને અમારી. (૨) પ્રભુ.
દુઃખ દરિયામાં નાથ ડુબતાં, લેશો બાંહ્ય પ્રસારી. (૨) પ્રભુ.

૧૨

વંદીએ શ્રી વિશ્વનાથ, હે વિભુ અનાથનાથ;
સર્વે મળી આજ સાથ, ઈશ ગુણ ગાઈએ. વંદીએ. ૧
વૃષ્ટિ કરે વાર વાર, છે સકળ સૃષ્ટિકાર;
સંકટ વિદારનાર, અમી દૃષ્ટિ છાઇએ. વંદીએ. ૨
હે દયાળ તું કૃપાળ, અમે સર્વ તારાં બાળ;
શુદ્ધ બુદ્ધિ અમને આપ. એ વરદ ચાહીએ. વંદીએ. ૩

૧૩

જય ભારતિ !

જય જય જય, જય જય જય માત ભારતિ !
કવિજન મન વસતી દેવી, વિશ્વ વ્યાપતી. જય જય.
ધવલ હંસરાજ પૃષ્ટ માત શોભતી,
શ્વેત વસ્ત્ર, શ્વેત કુન્દમાળ ધારતી;
અખિલ જગતનું જડત્વ તું નિવારતી,
તુજને, ભજીને, નમીને,

માગું માત, હૃદય વ્યાપ, આપ શુભ મતિ. જય જય.
સુગ્રંથ હસ્ત ભક્ત ચિત્ત માત લોભતી,
કરાંગુલીવડે મધુર વીણા વગાડતી;
સમર્થ દેવી શારદે! તું બુદ્ધિ અર્પતી,
સ્નેહે, નેહ દેહે,
શિશુ 'સીય' શીર હસ્ત સ્થાપ હે સરસ્વતી. જય જય.
(સીતારામ જે શર્મા.)

રાજ સ્તુતિ.

૧

રાજગીત.

(રાગ-કલ્યાણ.)

રક્ષ ભૂપ જ્યોર્જને, તું હે જગત્પતિ,
પ્રતાપ સૂર્યસમ અને છે ઉચ્ચતમ મતિ. રક્ષ. ૧
શાન્તિદા હિમરશ્મિસમ છે સુખાકૃતિ,
શૌર્યને ક્ષમા ધૃતિથી અધિક દીપતી. રક્ષ. ૨
કીર્તિ તું પ્રસાર અખિલ વિશ્વમાં અતિ,
જેમ ફૂલની સુવાસ વાથી પ્રસરતી. રક્ષ. ૩
દુશ્મનો વિખેરી તેની ધૂળ કર કૃતિ,
અરિ તમામ નાશ કર તું કોપ અનલથી. રક્ષ. ૪

વેલીસમ વધાર પરિવાર ભૂપતિ,
કુટુંબમાં રખાવજે પરસ્પરે પ્રીતિ. રક્ષ. ૫
સંપ જંપ હેતની તું નાખ જડ ઉંડી,
ઝેર વેર વિઘ્ન સર્વ કાપ મૂળથી. રક્ષ. ૬
આધિ વ્યાધિ ને ઉપાધિ નાશ કર થતી,
નૃપ શિરે કૃપાની વૃષ્ટિ રાખ વરસતી. રક્ષ. ૭
રાખ તંદુરસ્ત નિત્ય હે દયાનિધિ,
દીર્ઘ આયુ આપ એ અમારી વિનતિ. રક્ષ. ૮

૨

પ્રભુ રક્ષ જ્યોર્જ મહારાજ,
જીવો જ્યોર્જ પાંચમા રાજા;
કરો અમપર અમલ તાજા,
રહો સુખમાંજ મહારાજા. જીવો. ૧
સુજશ જેના જગત ગાજ્યા,
વધે વેલી સમી માઝા;
અચલ ખૂબ રાજ રહો રાજા. જીવો. ૨
પ્રજાનું હિત ધર્યું હૈયે,
અદલ ઇનસાફમાં રહીએ;
બ્રિટિશ સુખ શાંતિને ચાહીએ. જીવો. ૩

શિક્ષાવચન પૃષ્ટ ૫૭.

૩

રાગ—"સુંદીર મુખનું દિલ વપુ-નંદિકેશ્વરા" મળતો.

અથવા

"મધુરી કીરતિ સતીની જગ છવાઈ છે સખી' ને મળતો.

જય! શહેનશાહ જ્યોર્જ! પ્રણમીયે અમે,
જય! જય! મહારાણી મેરી, હીંદ તનુ નમે;
દ્વીતિયવાર પુનિત કર્યાં (૨) આજ આ સમે! જય!
ટાળક દુઃખ સકલ, ઉગ્યો સુર્ય પ્રાચિયે!
બાળક સહુ હીંદ તણાં, નીરખી રાચીયે;
પાળક અમ અમર રહો (૨) એજ યાચિયે! જય!
ભવની પૂર્વે, અનુપમ તમ, અખુટ સુકૃતિ,
અવની તલની ઉત્તમ ભૂમિના થયા પતિ,
નવનીત ફુલવાડી ફુલ, (૨) વેલી રસવતી— જય!

સાખી.

પ્રથમ કદી હૈડું નહીં હર્યું હીંદનું આમ,
સદી, રાજ્ય, ને હીંદને દીપાવી દીધાં તમામ.
અકથ્ય આનંદે કુદે હીંદ તનય સહુ આજ,
પહેરે પંચમ જ્યોર્જ શ્રી દીલ્હી તખ્તપર તાજ.

આસપાસ જુલમ ત્રાસના સમા સહ્યા,
લૂટફાટ, વસમી વાટ, દીવસ કૈ ગયા;
આજ વિરલ શાંતિ ભ્રાંતિ(૨) સહીત સહુ રહ્યા— જય!
ઉપવન મનહરણ મહા, ભારતી ભૂમિ,

શું પવન પ્રચંડ સદીથી રહ્યા ઘૂમિ ?
શાંતિ આજ હીંદ સુખદ (૨) હસ્ત લે ચૂમિ ! જય !
ખેંચી સ્મરણ શક્તિ હીંદ ભૂત લે સ્મરી,
કળીપ્રચંડમાં શું મળ્યાં દેવ અવતરી !
દંપતિ પ્રતિ પ્રીતિથી આંખડી ઠરી. જય !
રાજ કર્યું આંહીં ધર્મધ્વજ યુધિષ્ઠિરે !
પુનર્જન્મ આજ લીધો હીંદના નૂરે ? !
જ્યોર્જ પાંચમા શ્રી હસ્ત (૨) હસ્તીનાપુરે !
જય શહેનશાહ જ્યોર્જ પ્રણમીયે અમે !

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.

૪

રાજેન્દ્રને !

ઢાળ.

અતિ મંગળમય છે પ્રભાત, મંગળ દિન આજ;
મંગળ અમ અંતરે.
મંગળમય વાયુ વાય, હર્ષ ના સમાય:
આજે [1]બાળોનાં ઉરે.
અમે પ્રેમે જોડી દ્વય હસ્ત, હિંદીઓ સમસ્ત:
વિનવીએ ઈશને;
રાખો જ્યોર્જને કુશળ ક્ષેમ, ધારી હૈડે પ્રેમ:
ઇચ્છા છે મહેશ હે !
અમ પંચમ જ્યોર્જ સમ્રાટ, મહારાણી સાથ:
આવ્યા અમ ભોમમાં;

સાર્યાં આશાના રૂડા સંદેશ, કાપ્યા અતિ કલેશઃ
ઉઠે ધ્વની વ્યોમમાં.
અમ ભારત વર્ષમાં, ભૂપ, વિભૂના અનુજઃ
ગણાય છે વેદથી;
ગૃહી એ વેદ શિક્ષા આજ, [2]બાળોનો સમાજઃ
ચહે ભૂપ સ્નેહથી.
પ્રજા રાજાને પુત્ર તુલ્ય, શિક્ષા એ અમૂલ્યઃ
ગૃહો રૂડા રાજવી;
પૂર્વ પશ્ચિમ રાજની પક્ષ, રાખો એવું લક્ષઃ
ગણો નવ જુજવી.
રૂડી વીણા મહારાજ્ય રૂપ, તંતુરૂપ, ભૂપ!
ધારો ખંડ સર્વને;
અંગુલી સ્પર્શ કદી એક, તંતુ તો વિશેષઃ
સાથે એથી ઝણઝણે.
અમ દેશમાં ધર્મને રામ! જેહેનાં ચારૂ કામઃ
ભણે ભૂતકાળ છે;
ઓ નર પુંગવ! **જ્યોર્જ** રાય! કરી રૂડાં કાર્યઃ
બેસજો એ જોડલે.
*હસ્તિનાપુરે આપી આશ, છે ખાસ વિશ્વાસઃ
કરશો પૂર્ણ રાયજી;
પિતામહી અને પિતા પાય, ધારી ડગ રાય!
બ્રિટનના કુમારજી!
હિંદવાસીઓ આજ સમસ્ત, જોડી દ્વય હસ્તઃ

૧-૨ આસગ હીંદીનાં શબ્દ દાખલ કરવાથી પણ ચાલશે. * દિલ્હી.

નામી શીશને વદે;
જય જય જય જ્યોર્જનો થાવ, દિર્ઘાયુષી રાય:
સુત, મિત્રો રહે.
સીતારામ જે. શર્મા.

૫

મહારાજા જ્યોર્જ પાંચમાના રાજ્યાભિષેકના માંગલિક સમારંભ પ્રસંગે હર્ષોદ્ગાર.

દોહરા.

ધન્ય દિવસ છે આજનો, ધન્ય ઘડી પળવાર,
ધન્ય ઓગણીં અગ્યારની, ધન્ય સાલ શુભકાર. ૧
ધન્ય ડીસેંબર બારમી, ધન્ય છે મંગળવાર;
મંગળ ભાનુ ઉદય થયો, આનંદનો નહિ પાર. ૨
યશવંતા ગુણી પાંચમા, જ્યોર્જ રાજાધિરાજ;
મહારાણી મેરી સહિત, દીલ્હી પે'રે તાજ. ૩
દશરા દિવાળી અધિક, આનંદોત્સવ થાય;
વધામણાં વિધવિધ તણાં, હૈડે હરખ ન માય. ૪
બાળક સહુ અંતર થકી, દે છે આશિષ આજ;
યુગ યુગ રાજ તપો બહુ, યશ પામો મહારાજ. ૫

૬

દોહરા.

બ્રીટન ગુણી ભુપાળનો, રાજ્યારોહણ આજ,
તપો તાજ અવિચળ ઘણું, પ્રજા વિવિધ સુખ કાજ. ૧

શુભ અવસર નિરખી સહુ, આનંદ ઉર ઉભરાય;
પ્રજા પ્રેમી નૃપતિ તણા, કીર્તિ ગુણ ગવાય. ૨
આશીષ દે છે બાળ સહુ, જીવો જુગ જુગ રાય;
યશ ગુણ કીર્તિ માન બહુ, વિશ્વમહીં પથરાય. ૩
રાજ્ય અમલ નૃપતિ તણો, વ્યાપો દેશ વિદેશ;
વિજય વિજય વસુધા વિષે, ગુણિયલ જ્યોર્જ નરેશ! ૪
ધ્વજા બ્રીટીશ પુર માનથી, ફરકાવો ચોદિશ;
બહાદુર નૃપતિ જ્યોર્જનો, વિજય વિજય અહર્નીશ. ૫
શાહ જ્યોર્જ આરોહણે, જય જય મંગળ થાય;
બ્રીટીશ તાજ શિરપર ધરે, સકળ પ્રજા હરખાય. ૬

૭

ધન્યાશ્રી.

પુષ્પે વધાવો આજ, બાળ સહુ, પુષ્પે વધાવો આજ.
પંચમ્ જ્યોર્જ મહારાજ, બાળ સહુ પુષ્પે વધાવો આજ.
દીનકર કો દી અસ્ત ન થાએ, પ્રબળ પ્રૌઢું રાજ. બાળ સહુ.
સંતતિ સમ નિજ પાળે પ્રજાને, સદ્ગુણી રાજ સમાજ. બાળ સહુ.
હે વિશ્વેશા વિનંતિ અમારી, રહો અચળ આ રાજ. બાળ સહુ.

૮

જીવો ઘણું જ્યોર્જ મહારાજા,
રહો મહારાણી સહ સાજા;
જગે જશ જામજો ઝાઝા,
વિજયનાં વાગજ્યો વાજાં.

બનો બહાદુર બ્રીટિશ બંકા,
દશે દિશમાં દઇ ડંકા;
પરમ સુખ હીંદને આપો,
વિજયધ્વજ વિશ્વમાં વ્યાપો.
અમલ અમપર અચલ રહેજો,
અદલ ઇનસાફ સદા દેજો;
દિકર જોડી સહુ સાથ,
અમે એ યાચીએ નાથ.

૯

પ્રભુ જ્યોર્જ પંચમ સુખી રહો ઘણું,
સદા દીર્ઘ આયુષ હોય એમનું. પ્રભુ.
વધુ રાજ્ય ધન સમ્પત્તિ દે સદા,
વિજય મેળવો શાન્તિથી સર્વદા. પ્રભુ.
સુખી પત્નીને સંતતી રાખજે,
દઈ સુખ વૃદ્ધિ વરદ આપજે. પ્રભુ.

૧૦

ભુજંગી.

દયાળુ પ્રભુને વિનંતિ અમારી,
કરે બાળ બાળા પુરો પ્રેમ લાવી;
પ્રજાને વડા પ્રેમથી પાળનારૂં,
તપો રાજ્ય આબાદ બ્રિટિશ સારૂં. ૧
થયાં હિંદ વિષે બહુ રાજ્ય એવાં,

નથી કોઇ પુર્ષો કદાપીજ તેવા;
નીતિ ન્યાયને મારગે ચાલનારૂં,
તપો રાજ્ય આબાદ બ્રિટિશ સારૂં. ૨

જીવો જ્યોર્જ પંચમ્ હજો દીર્ઘ આયુ,
થઇ નષ્ટ શત્રુ વહો શાન્તિ વાયુ;
યશસ્વી પ્રતાપી સુખો આપનારૂં,
તપો રાજ્ય આબાદ બ્રિટિશ સારૂં. ૩

૧૧

સાદરા સ્કુલોના ઈનામના મેળાવડા વખતે બાળકીઓએ ગાયેલો ગરબો.

(રાગ–" રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં. ")

બોલે હીંદ પ્રજા આજે હરખથી,
જલ થલ વળી ગગનની માંહ્ય;
પ્રભુ થઇ સ્હાય,
બ્રીટનનો વિજય થજો !

રામરાજ્યસમાં સુખ પામીએ,
રહે શાંતિ મહીં નર નાર;
એ તમ ઉપકાર,
બ્રીટનનો વિજય થજો !

રૂડા જ્યૉર્જ પ્રતાપીના રાજ્યમાં,
સુખ સાધન વધીયાં અપાર;
ન કોઈ દમનાર,
બ્રીટનનો વિજય થજો !

(હરીગીત છંદની ચાલની તરજ.)

કાસ્મીર કેપ કુમારી દ્વારિકા કટક વચ્ચે વસ્યા—
હીંદુ મુસલમાન પારસી જ્યુ, ખ્રિસ્તિ, સૌ સંપી રહ્યા—
ભારતતણાં સંતાન એ, એકે અવાજે આજ તો—
બોલે વિજય બ્રીટન તણો જય-નાદ ગગને ગાજતો—
મહારાણી વિક્ટોરિયા હસ્તથી,
રોપ્યું વૃક્ષ તે ફળ ફુલ સાથ;
વધો દિન રાત,
બ્રીટનનો વિજય થજો !
ઠામોઠામથી શત્રુઓ ભાગજો,
પાપી જર્મનનો થઇ નાશ;
મટી જઈ ત્રાસ,
બ્રીટનનો વિજય થજો !
સત્ય કાર્યનો જય જગ માંહિ છે,
વેદ કુરાન બાઇબલ ગાય;
તેને પ્રભુ સ્હાય,
બ્રીટનનો વિજય થજો !

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.

૧૨

ગઝલ.

આજ શિર તાજ ધરે, **પંચમ જયોજ ભૂપતિ !**
પંચમ જ્યોર્જ ભૂપતિ, એ હિંદના અધિપતિ— આજ.

મેરી મહારાણી સંગ, રાજવી ધરી ઉમંગ;
વર્ષાવ્યો આનંદ રંગ, દીલ્હીમાં અતિ અતિ ! આજ.

ચક્રવર્તી ચતુર નૃપતિ, નેકી ન્યાયમાં પ્રવૃત્તિ;
ઉત્તમ કૃતિ રૈયત પ્રતિ, કીર્તિ છે જગે છતી ! આજ.

પ્રજા પીડ હરણ મતિ, સદા રહો એજ સ્મૃતિ;
સુરીતિશું શુદ્ધ પ્રીતિ, નિર્મળી વળી ગતિ ! આજ.

પામો પૂર્ણ પ્રેમ રહો, કુશળ ક્ષેમ દંપતિ;
પ્રતિ સ્થળે પ્રસારો પૂર્ણ, વિમળ અમલ શ્રીપતિ ! આજ.

વિભવો વિવિધ સિદ્ધ, થાઓ સૌ રતિ રતિ;
સ્મૃદ્ધિ આયુ વૃદ્ધિ સહ, ખીલેલ વેલ સંતતિ ! આજ.

હણે રિપુ સમસ્ત કષ્ટ, નષ્ટ હે જગત્પતિ;
વધો હિતસ્વી, હો યશસ્વી, ધીર વીરની ધૃતિ ! આજ.

સ્નેહ દષ્ટિ અમી વૃષ્ટિ, **શંકરની** સદા વૃતિ;
શાન્તિ શાન્તિ સંપ્રદો, એ યાચના પ્રભુ પ્રતિ ! આજ.

(એસ. એચ. ત્રિવેદી.)

૧૩

God Save The King.

પ્રભુ રાજાને સુખી રાખો.

(I) God save Our Gra-cious King;
Long live our No-ble King;
God save the King,
Send him vic-to-ri-ous.
Happy and glori-ous;
Long to re-ign o-ver us,
God save the King.

(II) O' Lord our God a-rise,
Sca-tter his en-e-mies,
And make them fall,
Con-found their po-li-ticks.
Frus-trate their kna-vish trics,
On him o-ur hopes we fix,
God save us all.

(III) Thy choicest gifts in store,
On him be pleased to pour;
Long may he reign,
May he de-fend o-ur laws,
And e-ver give us cause;

To sing with hearts and voice,
God save the King.

ઉપલા રાજગીતની **સા રી ગ મ** હારમોનીઅમ તથા પીઆનામાં વગાડવા માટે નીચે મુજબ આપી છે. ઇંગ્રેજી ગાયન સાથે ગુજરાતી ગાયન પણ લખેલું છે. જ્યાં આ મુજબ સૅા. હોય (માથે ચંદ્ર આકૃતિ) તો તે તીવ્ર સુર સમજવો. વાજીંત્રમાં શરૂઆતનો **સા.** મધ્યમ સ્પટકથી શરૂ કરવો.

રાગ શંકરાભરણ. તાલ દાદરો, માત્રા ૬.

	સા	**સા**	**રી**	**ની**	**સ**	**રી**	**ગ**	**ગ**	**મ**	**ગ**	**રી**	**સા**
1.	ગૉડ	સેવ્હ	અવર	ગ્રે	શસ	કીંગ	લૉંગ	લીવ	અવર	નો	બલ	કીંગ
૧.	રક્ષ	દેવ	તું	મહા	રા	જા	બહુ	જીવ	જો	પ્રૌઢ	રા	જા

	રી	**સા**	**ની**	**સા**
2.	ગૉડ	સેવ્હ	ધી	કીંગ
૨.	રક્ષ	દેવ	રા	જા

	પ	**પ**	**પ**	**પ**	**મ**	**ગ**	**મ**	**મ**	**મ**	**મ**	**ગ**	**રી**
1.	સેંડ	હિમ	વિક	ટો	રિ	અસ	હેપ	પી	એંડ	ગ્લો	રિ	અસ
૧.	એમને	કર	જય	વં	ત	મસ	સુખ	કી	ર્તિ	નો	દે	યશ

	ગ	**મ**	**મ**	**રી**	**સા**	**ગ**	**મ**	**પ**	**ધ**	**મ**	**ગ**	**રી**	**સા**
	લોંગ	ટુ	૦	રે	ઈન	ઓ	વર	અસ	ગો	ડ	સેવ્હ	ધી	કીંગ
૧	લં	બા		વ	રાજ	બહુ	વ	રસ	ર	ક્ષ	દેવ	રા	જા

૧૪
ગુજરાતી રાજગીતની સા રી ગ મ.

(ગુ. શા. પત્ર અક્ટોમ્બર ૧૯૧૪ પૃષ્ટ. ૩૫૭ માં આપ્યા પ્રમાણે)

मध्यम वर्ग—गांधार स्वररचना, प्रभायुक्त ललित भाव

मात्रा २ (गुरु)	રક્ષ	દેવ	તું	મહા	રા	જા
विलंबित	ઽ	ઽ	ઽ	ઽ।	।	ઽ
मध्य गति	सा	सा	री	नी,	स	री
	બહુ	જીવ	જો	પ્રૌઢ	રા	જા
	ઽ	ઽ	ઽ	ઽ।	।	ઽ
	गा	गा	म	गा	रि	सा

અથવા વાદ્ય સંગતિ

રક્ષ	દેવ	રા	જા			
ઽ	ઽ	ઽ	ઽ ઽ ઽ		ઽ । । ।	
री	स	नि	सा		सा स रिग म	
એમ	ગે	કર	જય	વંત	મસ	
ઽ	ઽ	ઽ	ઽ।	।	ઽ	
प	प	प	प	म	गा	
સુખ	કી	ર્તિ	નો	દે	યશ	
ઽ	ઽ	ઽ	ઽ।	।	ઽ	
म	म		म	ग	रि	

। = ૧ માત્રા ; ઽ = ૨ માત્રા; ઽ=૩ માત્રા; । =સ્વર, વર્ણુ કે શબ્દ બીજા સ્તંભમાં ચાલુ છે એ બતાવનાર; ગા = કોમળ ગા; नी, = મન્દ्र नी : ॥ = ગીત પૂરૂં: ‿ = અર્ધમાત્રા; √ = સૂક્ષ્મ-વિરામ મંદ = ઓછા બળથી, સ્પષ્ટ = બળથી. ઘન = વધારે બળથી.

લં બા વ રા જ | બહુ વ રસ |
ઽ \ | | | | ઽ | ઽ |
गा मग रि स | गा म प |

રક્ષ દેવ રા | જા ||
| \ \ ઽ ઽ | ઽ ઽ ઽ ||
ध पम गा रे | सा .. .. ||

નીતિ.

૧
બાળકોની દીનચર્યા અને શિખામણ.

ભુજંગી છંદ.

પ્રભાતે ઉઠીને, પ્રભુ નામ લેવું,
કટુ બોલ છોડી મૃદુ વેણુ કે'વું;
પછી બાળકો શૌચથી શુદ્ધ થૈને,
કરો મુખ શુદ્ધિ મૃતિકા લઈને. ૧

ક્રમે નાહિ લેવું બધું દિલ ચોળી,
લુછો અંગ આખું પ્રભુ નામ બોલી.
પછી હોંસથી આદરી નિત્ય કર્મો,
રહી નીતિમાં પાળવા નિજ ધર્મો. ૨

જઈ માત પિતા તણે પાય લાગો,
ઘણા ભાવથી રોજ આશીષ માગો;
ધરી સ્વચ્છ વસ્ત્રો, કરો પાઠ જારી,
લખો અક્ષરો લક્ષ રાખી સુધારી. ૩

પછી પાઠ તે વાંચવા શુદ્ધ રીતે,
હિસાબો ગણો હેતથી એક ચિત્તે;
ઇતિહાસ ભૂગોળને યાદ રાખો,
પદચ્છેદ કેરા ભલા ભેદ ચાખો. ૪

કવિતા ભણો તે મૃદુ સુર કાઢી,
શીખ્યા શું નવું તે ગણો દાડી દાડી;
પુરા પ્રેમથી નિત્ય નિશાળે જાવું,
વળી વાટ કે વર્ગમાંહે ન ખાવું. ૫

ગુરૂ જે કહે તે બધું ધ્યાન ધારો,
કરો ના કદાપિ નકામો લવારો;
ભણો જે ઘડી તે ઘડી ધ્યાન રાખો,
બીજા સર્વ વિચારને દુર દાખો. ૬

વળી પેન પાટી તથા નિજ બુકો,
સહુ સાચવી એક ઠામેજ મૂકો;
નહીં જૂઠું બોલો તજો ભૂંડી ગાળો,
વળી દુષ્ટ મિત્રો તણો સંગ ટાળો. ૭

તજો ચોરી આદી પ્રભુથી ડરીને,
તજો દ્વેષને ક્લેશ સંપે રહીને;

તજો રીષને ક્રોધ આલસ્ય ત્યાગો,
કરી દુર્ગુણો સહુ દૂર ભાગો. ૮
પિતા માત કેરી ધરો શીખ માથે,
કદી ના લડો ભાઇ ભાંડુની સાથે;
સગાં સ્નેહી સુમિત્રથી પ્રીતિ જોડો,
સુસંપે રહી ક્રૂર કુસંપ તોડો. ૯
વડીલો અને પૂજ્યનું માન રાખો,
વિવેકે વળી નમ્ર વાણીથી ભાખો;
ભણી છંદ આ છંદ કુછંદ વામે,
સહુ બાળકોને સદા સુખ પામે. ૧૦

૨

બાળકોને હિત શિક્ષા.

ભુજંગી છંદ.

પિતા માતને બાળકો પાય લાગો,
પ્રભાતે પ્રતિ દીન વહેલાજ જાગો;
ભણોને ગણો તત્ત્વ વિદ્યા વધારો,
કુટેવો પડે તેહને દુર વારો. ૧
અદેખાઇથી ક્લેશ કૂડો નિવારો,
રડેને રૂએ પુત્ર તે તો નઠારો,
કદી ગાળ બોલો નહીં રે નઠારી,
સદા વાક્યને બોલીએ સુખકારી. ૨

કદી ના રીસાવું થતો ક્રોધ વારી,
પિતા માત શિક્ષા થકી સુખ ભારી;
સદા સત્ય વાણી વદો ધર્મ ધારી,
બહુ થાય છે ગેરીથી તો ખુવારી. ૩

મહા પાપ ચોરી કરે તેહ પાવે,
લહે બન્ધ મૃત્યુની ગોદે સિધાવે;
કરે ચોરીનું કામ તે તો નઠારો,
ઠરે ના કદા એક ઠામે બિચારો. ૪

દિસે જાણજો ચોરીનું પાપ મોટું,
કરે ચોરી તેનું થશે ભાઈ ખોટું;
ભણો ભાવથી શિક્ષકો પાસ વિદ્યા,
તજો જ્ઞાનથી જેહ લાગે અવિદ્યા. ૫

સદા સાધુને વંદીએ પ્રેમ લાવી,
ગુરૂ સત્ય દેશે સુવિદ્યાની ચાવી;
ગુરૂના કહ્યા કાર્યને ભવ્ય કીજે,
ભલામાં સદા અન્યના ચિત્ત દીજે. ૬

ગુરૂજ્ઞાનથી મોહ માયા ટળે છે,
ગુરૂજ્ઞાનથી મુક્તિ સહેજે મળે છે,
ગુરૂજ્ઞાનથી ગર્વ નાવેજ પાસે,
ગુરૂજ્ઞાનથી સત્ય જ્યાં ત્યાં પ્રકાશે. ૭

સદા ઉન્નતિ ધર્મથી તો થનારી,
સદા ધર્મથી દોષ શ્રેણી જનારી;

દયા ધર્મમાં બાળકો ચિત્ત રાખો,
દયા ધર્મથી મુક્તિનાં સુખ ચાખો. ૮
સહુ સાથમાં પ્રેમથી નિત્ય રહેવું,
ભલું વેણ વાચા થકી ભવ્ય કહેવું.
કરો કાર્ય સારાં નઠારાં તજીને,
લહો સત્ય શાન્તિ પ્રભુને ભજીને. ૯
ધરી ધૈર્યને કીજીએ ધર્મ સેવા,
ધરી ભક્તિને પૂજીએ ઇષ્ટ દેવા;
કહે ધીનિધિ સન્નીતિ ધર્મ ધારો,
ભલા બાળકો વાત એ તો વિચારો. ૧૦

(બુદ્ધિસાગર રચિત ભજનપદ સંગ્રહ ભાગ બીજો.)

૩

દોહરા.

શરીર ચોખું રાખવા, નિર્મળ નીરે નાહો;
ચોખાં વસ્ત્રો પેરીને, નિત્ય નિશાળે જાઓ. ૧
ચોખું રાખો આંગણું, તેમજ ઘરને બાર;
ચોખી રાખો ચોપડી, એજ સરસ શણગાર. ૨
સુગરી માળામાં રહે, મધુપડામાં માંખ;
રચના સ્વચ્છ નિહાળીને, ચોખી ચીજો રાખ. ૩
કલમ પકડજો કળ થકી, જેથી સ્વચ્છ લખાય;
મહેતાજી જોઇ અક્ષરો, મનમાં રાજી થાય. ૪

શિક્ષાવચન પૃષ્ઠ ૩.

૪

ભુજંગી.

શીખો પાઠ તેમાં તમે ચિત્ત રાખો,
નહીં વાત બીજી સમે તે વિચારો;
સુખો પામવાને પુરો પંથ સારો,
શિશુ સર્વને સુખ તે આપનારો, ૧
કીધું અર્ધ જે કામ તે અર્ધ રે'શે,
કરેલું પરિપૂર્ણ રે'શે હમેશ;
રૂડી પદ્ધતિ ધીમતો એમ ધારે,
વિનંતિ કરૂં બાળકો સૌ વિચારે. ૧

૫

દોહરો.

ઉદ્યોગે સહુ આવડે, અઘરૂં સેલું થાય;
સહાય કરે ઉદ્યોગીને, ઈશ વિશ્વના માંય.

૬

વિદ્યા સંપાદન કરવા વિષે.

ધન્યાશ્રી.

વિદ્યાધન ભંડાર જગતમાં વિદ્યાધન ભંડાર;
દે સુખ અપરંપાર જગતમાં વિદ્યાધન ભંડાર.
ખપથી ન ખુટે ચોર ન લુટે,
જેને છે ભય ન લગાર— જગતમાં.

માત પિતાની સેવ કરાવે,
સુખી કરે સંસાર. જગતમાં.

ઈશ્વર ભજવા પંથ સુઝાડે,
શુદ્ધ કરાવી વિચાર. જગતમાં.

પરમારથમાં પ્રીત કરાવે,
જેથી ઉતરીયે પાર. જગતમાં.

આ જગમાંહિ સરસ ગુણોની,
વિદ્યા મોટી વખાર. જગતમાં.

વિદ્યાવિણ સરવે જન કેરો,
જાય અફળ અવતાર. જગતમાં.

(ચતુર્ભુજ માણુકેશ્વર ભટ્ટ.)

૭

દોહરા.

શોભે નવ વિદ્યા વિના, હોય રૂપાળો જેહ;
કેસુડાં નહિ શોભશે, વાસ વિનાનાં તેહ. ૧
એક એક અક્ષર ભણ્યે, મોટો ગ્રન્થ ભણાય;
ડગલું ડગલું ચાલતાં, લાંબો પંથ કપાય. ૨
હળી મળીને હેતથી, સંપી રહો સદાય;
માનો કહ્યું માબાપનું, જેથી બહુ સુખ થાય. ૩

શિક્ષાવચન. પૃષ્ઠ. ૧

૮

થોડે થોડે ભણો.

ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય,
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય. ૧
પોપટ પણ અભ્યાસથી શિખે બોલતાં બોલ;
કાયર થઈ આળસ કરે, તે નર ખરને તોલ. ૨
કૂવા ઉપરના કઠણ જે, પાકા કાળા પ્હાણ;
દોરડીએ છેદાય છે, એ લેવું એધાણ. ૩

ક૦ દ૦ ડા૦

૯

ભણી વિદ્વાન થવા વિષે.

સવૈયા.

ફરી અવસર નહીં આવે આવો, બાળપણું જાતું રહેશે;
ભણ્યા વિના ભવમાં ભટકેથી, માનવી માત્ર મુરખ કહેશે.
મોટા થઈ મનમાં મુંઝાશો, બારે રહેશો નહીં કાલા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૧

જુવાનીમાં જર મેળવ્યું જેણે, જરા વિષે સુખથી ખાશે;
એમજ બાળપણે ભણિયો તે, પાછળથી સુખીઓ થાશે.
સમજી એવું થવું સર્વદા, ભણવા કાજે હોંસીલા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૨

જુવાનીમાં જર નવ મેળવ્યું, તે પાછળથી દુઃખીઓ થાશે;
એમજ બાળપણે નહિ ભણિયો તે પાછળથી પસ્તાશે.
કપુત નામ કહેવાશો એથી, માત તાતને નહીં વાહાલા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઈ, શાને ઠોઠ રહો ઠાલા. ૩

કીર કરે અભ્યાસ સદા તો, આદરથી સૌ જન પાળે;
કાન ધરી કોયલ રવ સુણશે, કાગ રાગથી કંટાળે.
ગુણને વશ થાશે સઘળાજન, રંગ રહે બેઉના કાળા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૪

સરસ ફુલ શીમળનું ભાસે, શોભા જોતાં પદ્મ સમાન;
ગંધ હીન ગર્વેવ નવ સુંઘે, માટે કહું છું ગુણને માન.
રાખી ટેક વિવેક ધરીને, ભણો કરૂં કાલાવાલા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઈ, શાને ઠોઠ રહો ઠાલા. ૫

કર દીપક લઇ પડે કૂપમાં, એથી અવર મુરખ જન કોણ;
બુદ્ધિ ખીલ્યે બોધ ન લાગ્યો, તે નર ખરેખરો ખર જાણ.
ટાપટીપમાં વખત ગુમાવી, ફરો થઈ શાને લાલા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૬

અભ્યાસેથી પશુ પ્રાણી પણ, કેળવાય છે રૂડી રીત;
સરકસ ખેલોને અવલોકો, મદારી મરકટ પણ એ રીત.
મે'નત વીણ તો ફળ નહિ પામો, કરશો નહિ કાંઇ કંટાળા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૭

સાહિત્ય સંગીત અલંકાર વિણ, દીસે શુષ્ક ભાષાના બોલ;
કાવ્યકળાનો સ્વાદ ન ચાખ્યો, તે નર તો છે પશુનો તોલ.

ભણ્યા વીના નરપશુ સૌ જગમાં, ભલે ફરે થઇ રૂપાળા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૮
કંઇ બાળક નજરે મેં નીરખ્યાં, ભણતાં તે બહુ કંટાળે;
નિદ્રાદેવીને આરાધે, આળસ ઉરથી નવ ટાળે.
તેને શિક્ષા માટે રચીયા, છંદ નવીન આ રસવાળા;
ભણી ગણી વિદ્વાન બનો ભાઇ, શાને ઠોઠ રહો ઠાલા. ૯

(મળેલું)

૧૦

જ્ઞાન અને પુસ્તકાલય.

(રાગ ધન્યાશ્રી)

જ્ઞાન વિના હેવાન, મનુષ્ય અરે જ્ઞાન વિના હેવાન;
આંખ છતાં નર જાણો અંધો, જો ચિત્તમાં અજ્ઞાન. મનુષ્ય૦
તિમિર ટળે ઝટ અંતર કેરૂં, જો પામે શુભ જ્ઞાન; મનુષ્ય૦
જ્ઞાન કરાવે ભાન સાચનું, સત્ય વડે જયવાન. મનુષ્ય૦
આવે સુબુદ્ધિ જ્ઞાન પ્રતાપે, મળે મોક્ષ નીદાન. મનુષ્ય૦
ઇશ્વર દર્શન જ્ઞાન કરાવે, ટાળીને અભિમાન. મનુષ્ય૦
જ્ઞાનરૂપી નૌકાથી સહજ આ, ભવજળ પાર જવાય. મનુષ્ય૦
ઉત્તમ રસ્તો જ્ઞાન મળ્યાનો, પુસ્તક આ લેખાય. મનુષ્ય૦
વાંચો અને વંચાવો ભાઇ, પુસ્તક ધરીને ધ્યાન. મનુષ્ય૦
સદ્ગ્રંથો વાંચ્યાથી બંધું, મનનો મેલ કપાય. મનુષ્ય૦
નીતિને સદ્ગુણની રીતિ, પુસ્તકથીજ પમાય- મનુષ્ય૦
ગ્રંથ વાંચી સદ્ગુણ સેવ્યાથી, મળે સદા સન્માન. મનુષ્ય૦
સ્થાપો સ્થપાવો પુસ્તકશાળા, જે છે ધર્મ નિદાન. મનુષ્ય૦

૧૧

શિયળ.

(રાસડો પુનમ ચાંદની–એ રાગ.)

સખીઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીએરે,
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરિધાન,[1]
સાસુ સસરા માત પિતાની સેવા સાચવો રે;
ભાવ સહિત ભક્તિથી, નિત ભજીએ ભગવાન.
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએરે. એ. ટેક.

(સાખી) નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ,
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ,
હસવું રમવું જમવું એકાંતે નવ બેસવું રે,
પતિવિણ પતિના પણ સન્મિત્રોની સંગાથ, એવા૦ ૧

(સાખી) નાથ વિના કરવી નહિ, વિનોદ[2] ક્રીડા વાત,
વિશ્વ વિરૂદ્ધ નવ વરતવું, ભલે તાત કે ભ્રાત,
સજની ભ્રષ્ટ થવું નહિ સુંદરી સદ્આચારથીરે,
નીરલજ નટખટની સોબત તજવી સુજાત. એવા૦ ૨

(સાખી) કુષ્ઠી[3] કદ્રૂપ[4] કુબડો, નિર્ધન નિર્બળ કામ
મતિ હીન પતિત પતિ મળે, એ. સતીને સુરરાજ[5]
જોડી. પગ અંગુઠે દ્રષ્ટિ રાખી ચાલીએ રે,
સુખકર સાચવીએ સૌ સાથે સંપ સદાય. એવા૦ ૩

---

૧ કરી પરિધાન–પહેરીને, ૨ ગમત. ૩ કોઢવાળો, ૪ ખરાબરૂપવાળો, ૫ ઇન્દ્ર જેવો.

(સાખી) ઉંચે સ્વરે નવ ઉચરવું, મુકીને મરજાદ.
કુલીન બ્હેન કરવો નહિ, વડીલથી વિવાદ.[1]
ચંચળ ચાલે ચટક મટક ચતુરા[2] નવ ચાલીએરે,
શિવ સુત કેશવની શીખામણ અંતર યાદ. એવા૦ ૪

(ડાહ્યાભાઇ ધોળશાજી.)
કેશવલાલ શીવલાલ

૧૨

વિવેક વિષે રાસડો.

સૌ સાંભળો સજન મન એકથી જો,
વર્તીએ વિચારી કર્મને વિવેકથી જો. સૌ સાંભળો.
સાર વાત છે વિવેક સંસારમાં જો,
સુખ થાય સર્વ જે થકી વ્યવહારમાં જો. સૌ સાંભળો.
સારાસાર જ્ઞાન વળી જે થકી જો,
દુષ્ટ બુદ્ધિને અજ્ઞાન ટળે એકથી જો. સૌ સાંભળો.
ન્યાય નીતિને જણાવે જુગતે કરી જો,
સત્યના વિચાર સૂચવે ફરી ફરી જો. સૌ સાંભળો.
વિશ્વમાં વિવેક જે સદા લહે સહીજો,
પરાભવ કદાપિ કોઇથી થશે નહિ જો. સૌ સાંભળો.
નીતિના પંથ વિણ ગુણ એ આવે નહિજો,
પ્રભુ કૃપા થકી વિવેક પામીએ સહી જો. સૌ સાંભળો.

---

૧ તકરાર. ૨ ચતુર સ્ત્રી.

માટે પ્રાર્થના કરો પ્રભુની પ્રીતથી જો,
દીન દાસ થઈ ચાલો રૂડી રીતથી જો. સૌ સાંભળો.
પ્રભુ રીઝવા તણો ઉપાય એહ છે જો,
મનુષ્ય જન્મનું સાફલ્ય ખરે તેહ છે જો. સૌ સાંભળો.
નમીએ દાસ ભગવંત કરી વિનતી જો,
પ્રાર્થના કરી પ્રભુથી માગે સન્મતિ જો. સૌ સાંભળો.
(એક મિત્ર તરફથી મળેલું)

૧૩

નિશાળે આવવા વિષે.

"તમે હરી હૈયાના હાર છો."—એ રાગ.

આવજો આવજો આવજો રે,
આજ વહેલાં નિશાળે આવજો;
બેહેની મને બોલાવજો રે,
આજ વહેલાં નિશાળે આવજો. ટેક.
જો તમને અવકાશ ન આવે રે,
તો કોઇ સાથે કહાવજો રે. આજ. ૧
પાટીને ખડીઓ લેખણ સાથે રે,
લખવાનો સામાન લાવજો રે. આજ. ૨
કકો ભણાવી મને આંક ગણાવી રે,
બારાખડી શિખાવજો રે. આજ. ૩
ભૂલ્યો પડે કદી ભણતાં ગણતાં રે,
તો મને તરત બતાવજો રે. આજ. ૪

સારી શિખામણ શિખવીને સજનીરે;
બહુ હુશિઆર બનાવજો રે. આ૦જ. ૫
સમજાવતાં કદી જો નવ સમજુ રે,
શિળે સ્વભાવે સમજાવજો રે. આ૦જ. ૬
હતી ભણેલી સતજુગની સતીઓરે,
એવી મને આબરૂ અપાવજો રે. આ૦જ. ૭
સારી સુધારી મારા મનની મનસારે,
દલના દોષ દળાવજો રે. આ૦જ. ૮

દલપત કાવ્ય પૃષ્ઠ. ૨૧૯

૧૪

બાળકીઓનાં નિત્ય કર્મની ગરબી.

" મા પાવા તે ગઢથી ઉતર્યાં મા કાળી રે. "

સુતાં ઉઠી શુભ રીતથી, સાહેલીરે;
પરમેશ્વર ભજવા પ્રીતથી; સાહેલીરે. ૧

પછી દાતણ પાણી થાય છે, સાહેલીરે;
જેથી દુરગંધી જાય છે; સાહેલીરે. ૨

નહાવું નિત્ય નિરમળ નીરથી, સાહેલીરે.
સઘળો જાય મેલ શરીરથી; સાહેલીરે. ૩

સંતોષે જમીએ જે મળ્યું, સાહેલીરે.
નહિ ખાઇએ નિત્ય ગળ્યું ગળ્યું. સાહેલીરે. ૪

પટકુળ ઝીણાં નહિ પહેરીએ, સાહેલીરે;
ગાવા ન જવું પર શેરીએ; સાહેલીરે. ૫
આભ્રણ ઝાઝાં નહિ ઇચ્છીએ, સાહેલીરે;
સદગુણની શોભા પ્રીચ્છીએ; સાહેલીરે. ૬
નીરલજની સોબત છોડીએ; સાહેલીરે;
વાહાલાંથી વૈર ન જોડીએ; સાહેલીરે. ૭
સઘળું સરખું નહિ લેખીએ; સાહેલીરે;
દલમાં ડા'યાં થઇ દેખીએ. સાહેલીરે. ૮

(દલપત કાવ્ય પૃષ્ટ. ૨૧૭.)

૧૫

અદબ.

"બહુચર ભલે આવીયાં."—એ રાગ.*

સુણો સમજુ સકળ નર નારીઓ,
વધે માણસમાં જેમ આપ, અદબ શીખો એટલી.
સારી અદબ જો રાખવા શીખશો;
થશો ઉત્તમ પંક્તિનાં આપ. અદબ શીખો. ૧
સારૂં મનુષ્ય આવે ઘેર આપણે;
"આવોજી"! કહી કરીએ સલામ. અદબ શીખો.
ઊભાં થઇને આદરમાન આપીએ;
પછી પૂછીએ હોય જે કામ. અદબ શીખો. ૨

---

* આ રાગ લાંબા સ્વરથી ધોળમાં અને ટુંકા સ્વરથી ગરબીમાં ગવાય છે.

કાંઇ કારણે પરઘેર જો જાઓ;
ઊભાં રહેજો જઇ ઘર બહાર, અદબ શીખો.
રજા માગી પછી ઘરમાં પેસજો;
રહેજો મન દેખો તેટલીવાર. અદલ શીખો. ૩

છાની વાત કરે જ્યાં માણસ મળી;
વણુ તેડયાં ન જઇએ ત્યાંય, અદબ શીખો.
વણુ બોલાવ્યાં વચમાં ન બોલીએ;
કડવુ કથન ન કાઢીએ કાંય. અદબ શીખો. ૪

વાંસો ઉદર ઉઘાડાં ન રાખીએ;
ઉંચે ઘાંટે ન કરિયે ઉચ્ચાર, અદબ શીખો.
છેડો વસ્ત્રનો મુખ આડો રાખીએ;
આવે બગાસું કે ઓડકાર. અદબ શીખો. ૫

સભામાં બહુ સંભાળી બેસીએ,
જેવો આપણો હોય અધિકાર; અદબ શીખો.
મોટા જનને ઉઠી માગ આપીએ,
નીતિ શાસ્ત્રનો એ છે આધાર. અદબ શીખો. ૬

કોઈ ધનના, વિદ્યાના, કે અમલના;
અધિકારથી મોટા મનાય. અદબ શીખો.
તેની માન મરજાદા ન તોડીએ;
તોડે જરૂર બેઅદબી જણાય, અદબ શીખો. ૭

પૂછે મત તો પોતે મત આપીએ;
અતિ આગ્રહમાં નથી સ્વાદ, અદબ શીખો.

માને નહિ તો ત્યાં ચુપ રહી બેસીએ;
વક્ર સાથે ન વદિયે વિવાદ. અદબ શીખો. ૮
કોઈના કરમાંથી ચીઠી કે ચોપડી;
ખેંચી લઇએ ન વાંચવા કામ, અદબ શીખો.
લેવી હોયતો માગીને લીજીએ;
આપે તો લઇ કરિયે સલામ. અદબ શીખો. ૯

કોઇને તુંકારે કદી ન બોલાવીએ;
હોય દીન કે ઘર કેરો દાસ, અદબ શીખો.
ઘરમાં નાના મોટાં સઉ માણસે;
એમ કરવો અદબનો અભ્યાસ, અદબ શીખો. ૧૦
"ફરમાવો" "બીરાજો" "ભોજનકરો;"
એવા અદબના શબ્દ અનેક, અદબ શીખો.
સારાં માણસે તે શીખી રાખવાં;
વળી શીખવો વચન વિવેક, અદબ શીખો. ૧૧

હશો નહિ ખડખડતે મૂખે;
કોઈ સાથે ન લડિયે લડાઈ, અદબ શીખો.
કોઈ કડવાં વચન કહે ક્રોધથી;
સુણી ચુપ રહીએ શરમાઇ, અદબ શીખો. ૧૨

મર્મ વચનનાં બાણુ જે મારવાં;
કહીંયે નાદાન જનનું તે કામ અદબ શીખો.
ક્ષમા રાખે તે તો મોટું માનવી;
તેને લોક વખાણે તમામ, અદબ શીખો. ૧૩

હોય અદબ તો ઉત્તમ જાતમાં;
હલકી જાતમાં અદબ ન હોય, અદબ શીખો.
જેના ઘરમાં અદબ દલપત કહે;
સૌથી સુખિયાં તો માણુસ સોય, અદબ શીખો. ૧૪

(દલપત કાવ્ય. ભાગ ૧ લો. પૃષ્ટ ૨૬૭.)

૧૬
શિયળ વિષે.

"અલબેલી રે અંબે માત જોવાને જઇએ"—એ રાગ.

સર્વેથી સરસ ગણાય શોભા શીયળની;
નહિ તો જેમ વ્યર્થ જણાય, નદિયો નિર્જળની.—ટેક.
સર્વાંગે શણગાર સજ્યા પણ ન મળે જેને નાકરે;
તો એકે શણગાર ન શોભે, જોઇ જન હસે અથાક. શોભા. ૧
ભણતરમાં તો ભડકો ઉઠયો, રૂપ વિષે પડી રાખરે;
સ્નેહ સહિત શીયળ નવ પાળે, લાંછન લાગે લાખ. શોભા. ૨
ડહાપણુમાં તો દવ લાગ્યો ને ચુલે પડી ચતુરાઇરે;
જે જનથી શુભ વેલ શિયળની, સ્નેહે નહિ સચવાઇ. શોભા. ૩
ધર્મ કર્યામાં ધુળ પડી, જો કર્મ નઠારૂં કીધ રે;
હદયે પરમેશ્વર નહિ રીઝે, વંદન કર્યે વિવિધ. શોભા. ૪
અંક ઉપર મીંડાં મૂકે તો, દશ દશ ગણા ગણાય રે;
અંક વિનાના મીંડાં સર્વે, શુન્યે શુન્ય જણાય. શોભા. ૫
શિયળ રત્નને અંક સમજજો, મીડાં સદ્દગુણ માત્રરે;

શિયળ વિના સદ્‌ગુણિને પણ સૌ, કહેશે લોક કુપાત્ર. શોભા. ૬
અમૃત જેવાં ઉત્તમ ભોજન, પિરસ્યાં રૂડી પેર રે;
પણ તે પર સર્પે ગળ નાંખી, તો તે સર્વે ઝેર. શોભા. ૭
ધિક! ધિક! તેનાં માતપિતાને, ધિક! એનો અવતાર રે;
જે સંસાર વિષે જનમીને, શિયળ તજે નર નાર. શોભા. ૮
જીવ વિનાનું શરીર જેવું, તાર વિના જ સતાર રે;
શિયળ વિના નરનારી તેવાં, સૌ જાણે સંસાર. શોભા. ૯
જો કોઇને ઘેર જઇને બેસે, જાણે ક્યારે જાય રે ?
વા પછી પણ માનવીઓમાં, લંપટ જન નિંદાય. શોભા.૧૦
પરનારી માતા સમ માનો, પરનર પિતા સમાન રે.
તો આ લોક તથા પરલોકે, ભલું કરે ભગવાન. શોભા.૧૧
સાળો કે સસરો કહેવાથી, નામસ કરે તમામ રે;
સૌનો સાળો સૌનો સસરો, છે દ્વિજ દલપતરામ. શોભા.૧૨

દલપત કાવ્ય પૃષ્ઠ ૨૮૪.

૧૭

શિયળ.

(આમેરૂં મોંઘા મૂલનું એ રાગ.)

શુણો સમજુ સકળ નર નારીયો,
મોટો શીયળ તણો મહીમાય, શીયળ પાળો સ્નેહથી;
જે કોઇ શીયળ સારી રીતે સાચવે.
સરવે શુફળ મનોરથ થાય. શીયળ. ૧

સોના રૂપાની શોભા ન સમજીએ,
શોભા સરસ શીયળ શણગાર. શીયળ.
જેવાં નકટાંને ભૂષણ નાંખીઆં,
એવાં શિયળ વિનાં નરનાર. શીયળ. ૨
વધે લાજ અધિક ઠીક લોકમાં,
પરલોકમાં મુક્તિ પમાય. શીયળ.
સુખસંપત્તિ શીયળથી સેવીએ,
રીઝે જગકરતા જગરાય. શીયળ. ૩
માટે શીયળ સરવ વિધે સાચવો,
તજો કામી હરામીનો સંગ. શીયળ.
જરીએ ડરીએ ન મરણનો ડર ધરી,
ભારે ડરીએ શીયળ થતાં ભંગ. શીયળ. ૪
તજી લાજ બેઅદબી ન બોલીએ,
નહી ડોલીએ મદ છક માંય. શીયળ.
નીચી નજરે સરળ ચિત્તે ચાલીએ,
હાંસી મસ્કરી કરીએ ન કાંય. શીયળ. ૫
ફાટી આંખે ફરે જે કોઇ ફાતડા,
તેનું ડાટીએ માટીમાં મુખ. શીયળ.
તજવી તજવી સોબત નીત્ય તેહની,
જેણે લજવી જનેતાની કુખ શીયળ. ૬
ભણવું ગણવું તો તેહનું ધન્ય છે,
જેણે કુળને લગાડયો ન ડાઘ. શીયળ.

ભણી ગણીને જે શીયળ ન સાચવે,
એના ભણતરમાં ઉઠી આગ. શીયળ. ૭
હૈયા ફુટા બોલે બોલ હાંસીએ,
દેખી ફાંસીને નાસીએ દુર. શીયળ.
શીક્ષા સુંદર દલપતગમની,
જાણી કામની શીખો જરૂર. શીયળ. ૮

દલપત કાવ્ય. ભા. ૧ લો. ૨૯૧.

૧૮

ગરબો.

(રાગ દેશ.)

ઉગ્યો સખી સૃષ્ટિનો સંગાર હાર,
ચાલ્યા આસ્ય જોવાને ચંદ્રમા,
જોને પ્રેમઘેલી ભૂમિનો દેદાર,[1]
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં;
હાંરે ડોલે સૃષ્ટિ આનંદમાં.

(સાખી) ધન્ય ! ધરા સુંદરી તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત,
શાન્તિ પાઠ[2] પઢાવતો, સાધીને એકાન્ત.
ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરેરે,
ગુણિયલ ગોરી પતિ ગુણ ગાય, શાન્તિ ચિત્તે સ્મરેરે.

---

૧. દેખાવ. ૨ બોધ.

ધરોને બ્હેન ! ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન.

(સાખી) ચંદ્ર મુખે ચોંડાડ્યું ને, તારાનાં મુખ શ્યામ,
સદ્‌ગુણીનું સુખ ભાળીને રમે દુષ્ટના શામ.

સખી ! જેને પતિનું માન,
તેનાં ગંધર્વ ગાયે ગાન,
પામે દેવી સમાન સન્માન,
રમે રમા રસિક લઈ તાન.

ધરણી પડી૦

(સાખી) ધરણીનાર[3] સમ ગૃહિણીઓ[4] સેવે સ્વામી પાય,
ચતુરચંદ્રસમ ધણી મળે, જય જય ત્યાં ઉચરાય.

ધરણી પડી૦

(ડાહ્યાભાઈ ધોળશાજી.)

૧૯

પ્રશ્નોત્તર ગરબો.

(તમે શાના માગો છો દાણરે ગોવાળીયા, કાના મારગડો મેલોને:—એ રાગ.)

પ્ર—કહો બ્હેની ભણીને તમે શું કરશો ?
ઉ—સારૂં ચલાવીશું ગૃહ રાજ્ય
સાહેલી ભણી ગુણીયલ ગુજરાતને દીપાવીએ.

---

૩ પૃથ્વીરૂપી નારી, ૪ સ્ત્રીઓ.

પ્ર—ગૃહરાજ્ય શું ખોટું ચાલે છે?
ઉ—એમાં ઝાઝા સુધારાની ખોટરે. સાહેલી
ગુણીયલ ગુજરાતને દીપાવીએ.
(સાખી ગ્રંથો નીતિ વિવેકના, ભામીનીથીજ ભણાય;
સર્વ સુખોને સાધવા, એકજ દીસે ઉપાય.
પ્ર—કેવા કેવા સુધારા સખી કહો કરશો?
ઉ—સ્ત્રી સુધારાસમાજ અમે સ્થાપીશું,
જેથી ગુર્જરી ભૂમિનું કષ્ટ કાપીશું;
જ્ઞાન સૂર્ય પ્રકાશી રહે પૂરેરે સાહેલી,
જેથી સંસાર સુધરે જરૂરરે સાહેલી. ભણી.
નદીઓ તણાં જેવાં પૂર છેરે લોલ,
જુવાની તેવી આ જરૂર છે, રે લોલ.
સુધરીને દેશને સુધારોએરે લોલ.
ધર્મ નીજ એજ ઉર ધારીએરે લોલ.
પ્ર—પુરૂષોથી શું થાય નહીં સુધારો?
ઉ—એક હાથે જુઓ ન પડે તાળી,
રથ ચાલે ન ચક્રે એક રે સાહેલી;
જોઇ સર્વ પ્રજાનો વિવેકરે સાહેલી,
શીખે વ્યક્તિ પ્રજાની એકે એકરે સાહેલી;
રહે જેથી ગુજરાત તણો ટેકરે સાહેલી,
ભણી ગુણીયલ ગુજરાત દીપાવીએ.
(ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ)

૨૦

ખેલ ખેલો તો ખેલો વિચારી;
આવો સમય ન મેલો વિસારી.
માનવ જન્મ વસંત સમય છે, આજ સુઘડ નરનારીઃ
વીત્યે વૃથા તો ફરી નહિ આવે, એથી ખરી શી ખુવારી?
રહે ભવનો ભય ભારી; ખેલ.

નીતિ સરોવર શીતલ જલનું, નાંખે મલિનતા નીવારી;
ફૂલ અને ફલ રૂપ સુસાધન, અત્યંત આનંદકારી;
નિરંતર અતિ ગુણકારી; ખેલ.
ઉત્તમ અત્તર તેમ અરગજા, ચંદન તો ચિત્ત હારી;
શુદ્ધ સદાચાર સંપ સરલતા, તે સુખ સર્વની બારી;
હૈયે હોય જો હોંશિયારી; ખેલ.

નારી નિવૃત્તિ કરી પ્રાણ પ્યારી, મોહ મમત્વને મારી;
હરિહરનાં ચરણે ચિત્ત ચોડો, જેમ હુકમ સરકારી;
કહું કર બેય પ્રસારી; ખેલ.

૨૧

ગરબો.

રૂડી રૂડી ગુજરાત, અમ ગુણીયલ માત,
સુખદાતા સાક્ષાત તને નમિયે,
મળી સર્વ નાત જાત ભિન્ન ભિન્ન ભળી ભાત
સુખદાતા સાક્ષાત તને નમીયે,

સાખી.

દાંતા, દમણ, દ્વારકાં, દોહદની વચ્ચમાંહી,
દેવળ તુજ અતિ ઓપતું, જેવું દીસે નહીં ક્યાંહિ,

કરીયે તે માંહિ યશોગાન તુજ માડી,
ભાત ભાતની ગુંથી ભલેરી ફુલવાડી,

જીવન ગળાય તુજ માટ દાડી દાડી,
શોભે શરીરે અમ, તુજ સેવં સાડી,

હીંદુ પારસી જમાત પ્રીસ્ત ત્યાં અભિન્ન નાત,
સુખદાતા સાક્ષાત તને નમીયે. રૂડી રૂડી...

સાખી

પ્રેમ દયા દલમાં વસે નરમ દયાળુ નેણ,
નૃસીંહ ગોવરધન સમા વદી ગયા શુભ વેણ[1]

વિધ વિધ નીતિ ગ્રંથ ગણાય ભણીયે ભાવેરે,
ગીત ગુર્જરી ગીરાનાં રચાય, ગુણીયલ ગાવેરે,

સ્ત્રી કેળવણી સુખકાર રહે પ્રસારી રે,
સુધરે સુખી થાએ સઘ સૌ, નરનારી રે,

---

૧ દ્વી અર્થ છે-એક અર્થ-હે માતા ! તારા હૃદયમાં ને નેત્રમાં દયા જ ભરેલી છે એવું તારૂં ચિત્ર કવિઓએ આપેલું છે. ને બીજામાં કેટલાક નામાંકિત કવિઓનાં નામ છેઃ-પ્રેમાનંદ, દયારામ, દલપતરામ, નર્મદાશંકર, નૃસિંહ મ્હેતા તથા નૃસિંહાચાર્યશ્રી અને ગોવર્ધનરામ.

સાખી

તાતા ગોકળદાસને ત્રીજા સર ચીનુભાઈ,
ચોથા ગુર્જર પુત્રની ક્યારે મળે વધાઇ?
કેળવણી પ્રસારી કુચાલોને વિદારી સઘ સંસાર
સુધારી ધર્મ દીલ ધરીયે. રૂડી રૂડી...
ભલે મળે ગુજરાતને કેળવણી ભલી ભાત,
કુચાલ દૂર કર્યા વિના, નહીં ઉદય સુપ્રભાત.
જનનીને ભૂમિ જન્મ સેવ સુખકારી રે,
સ્ત્રીશાળા સદન સંસ્થાપવાં લાભકારી રે,

સાખી

સાભ્રમતી મહી નર્મદા તાપી, સહિતરંગ,
દમણ ગંગા દક્ષિણે, સરવેનાં શુભ ગંગ,
તેના સમાન તુજ ચરણામૃતે અમે—(૨)
રાચી સુધારીયે સમાજ માત આ સમે—(૨)
આ સમે—આ સમે—આ સમે—આ સમે.
ફરી ફરી અવતરીયે નહીં—ધર્મે વિચરીયે સઘ—
તરીયે સલુણી જેથી ભવદરીયે—
રૂડી રૂડી ગુજરાત.

(ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ).

---

૧ મતલબ એમ છે કે—મર્હુમ મી. તાતાએ જીઓલોજીકલ સર્વે માટે, શેઠ ગોકળદાસ તેજપાળે હાયર એજ્યુકેશન વગેરે માટે અને સરદાર સર ચીનુભાઇએ ટેકનીકલ કેળવણી માટે સારી રકમો કહાડી પરંતુ તેવી એક મોટી રકમ કેળવણી માટે આપનારની ક્યારે વધાઈ મળે ?

૧

કિન્ડરગાર્ટન બક્ષીસ પાંચમી.

સુચના:—પેટી ખોલ્યા પછી ઘનના આકારના ઓળખાણ માટે નીચેનું ગાયન શરૂ કરવું.

૧. ચોપાઇ

ઘન મજાનો સુંદર એક, સઘળાં પાસાં ચોરસ છેક;
સહુ ખૂણા સરખા દેખાય, સરખી સઘળી બાજુ થાય.
મોટા ઘનના ભાગ જણાય, ગણતાં સત્તાવીશ ગણાય;
તે નાના ઘનના પણ ભાગ, ગણવા સારો ફાવે લાગ.
એકજ ઘનના ભાગો બેય, અર્ધો ઘન કહેવાયે તેહ;
એવા ત્રણ ઘનને તું પેખ, છએ ભાગ સરખા તું દેખ.
જે ઘનના છે ભાગજ ચાર, એ ત્રણ ઘન આ હારોહાર;
બારે ભાગ સરખા દેખાય, પા અડધાં તેથી શિખાય.

સુચના:—ઘનની સાબિતી માટે પદાર્થપાઠનો સંબંધ જોડવો.

૨

પાંચમી બક્ષીસના આકારો વિષે.

લાવણી.

ભાંત. આ મોટા ઘનની હારો ત્રણ દેખાયે,
કરી જોતાં જુદા તેહ, ભાંત લેખાયે.
વળી જોડી દેતાં, હતો તેજ આકાર,
તેના બનવાના, ઘાટ ભિન્ન ભિન્ન સાર.

ગેલેરી. આગળની હારના, ઉપલા ત્રણ ધન પાસે,
પાછળની બાજુ ધરો, ગેલેરી થાશે;
નિસરણી. એ ગેલેરીપર બાળક બેસે રોજ,
તેના કરીએ ત્રણ ભાગ નિસરણીઓજ.
નિરખો નિસરણી, ત્રણ પગથીઆંવાળી,
મેડીપર ચડવા કામ તણી એ સારી,
વળી જોડી દેતાં, હતો તેજ આકાર;
તેના બનવાના, ઘાટ ભિન્ન ભિન્ન સાર. ૧
વચલા ત્રણ ધનને, ઉપાડી જમણે હાથે,
પાછળની બાજુ ધરો સર્વ સંગાથે;
સિંહાસન. જુઓ સિંહાસનનો ઘાટ બન્યો આ સારો,
રાજાની બેઠક ખાસ, ચિત્ત વિચારો;
એ સિંહાસનના ભાગો ત્રણ જો થાયે:
ખુરસી. ત્રણ ખુરસી કેરો ઘાટ ઠીક દેખાયે;
વળી જોડી દેતાં હતો તેજ આકાર,
તેના બનવાના ઘાટ ભિન્ન ભિન્ન સાર. ૨

૩

બક્ષી ૮ મી.

(સળીઓના આકાર.)

લાવણી.

લઇ સુંદર સળીઓ હાથ, મિત્ર સૌ રમીએ,
કરી રમત ગમત ભરપુર, ઘાટ બહુ કરીએ. (એ ટેક)

સ્તંભ. આ લાંબા હાથે, સ્તંભ કરે છે શાનો,?
આડીના ઉપર ખરો અમલ છે આનો.
છત્રી. સૌ છત્રી કરીએ એક સુશોભીત સારી,
તડકા વર્ષાદનીમાં ઉપયોગી ભારી.
ફાનસ. ફાનસ મનમાન્યું, કરો બરાબર માપે,
દીવાને દહેશત નહી, તેજ તે આપે;
પારણું. પારણીએ પોઢે બાળ, જુઓ તે આ છે,
શી શોભા સારી કહું, બહુ જ મજા છે.
વહાણ. આ જુઓ વળી છે, વહાણ તરે દરિયામાં,
લોકો બેસીને જાય, મોજ મજામાં.
ગાજર. જુઓ ગાજર કેરો, ઘાટ શંકુના જેવો,
પીલાં ફુટયાં છે ખાસ, શોભે છે કેવો ?
ઘર. સૌ સૌને માટે એક, સરસ ઘર કરીએ,
કરી કરા બારી સૌ સાથ, છાપરૂં ધરીએ.
બારી બારીનો કરીએ ઘાટ, દીસે રૂપાળો,
આપે અજવાળું વાયુ મિત્ર તે ભાળો.
ત્રાજવાં. ત્રાજવાં વિના ઘડી એક નીભે છે કોને ?
તે સાથ કાટલાં, વસ્તુ વળી મુકોને.
દેવળ. આ દેવળપર ફરફરે, ધ્વજા ભલી ભાતે,
કરી દર્શન તજીયે પાપ તાપ સંગાથે.

૪

ભૂમિચિત્રણ.

ગુજરાત પ્રાંતનો જમીન ઉપર નકશો બનાવવા સમ્બન્ધિ

(સુચના:—ગુજરાત પ્રાંતનો જમીન ઉપર નકશો દોરી, ગાયન

શરૂ કરવું અને ગાયનમાં આવતા હાવભાવ પ્રમાણે નકશામાં જગાઓ પૂરવી, હદ કાપવી, નદીઓ, પર્વતોનો દેખાવ કરવો. ઇત્યાદિ ક્રિયાઓ કરી વિષયમાં રસ ઉત્પન્ન થાય તેમ કરવું.)

ગુર્જર પ્રાંત તણો પ્યારા, નકશો રચ્યો મિત્ર મ્હારા,
ધ્યાનમાં ધરો યોગ્ય ધારા, નિરખતાં આનંદે ન્યારા.
છે લાંબી આ ત્રણ ફુટની, માટી કેરી પાળ,
પહોળી પણ દીસે છે એટલી, નકશો થશે વિશાળ–
બાળ સૌ બાંધો હદ પ્યારા–ગુર્જરે સાબરની ધારા ગુર્જર પ્રાંત.
ખારાઘોડા અગર નિરખી, કાપોને હદ ખાસ,
અખાત કચ્છના કિનારે થઈ, જઇએ દ્વારકા પાસ.
ત્યાં તો જુઓ મિત્ર મારા–ધામમાં મુરલીધર કાળા– ગુર્જર પ્રાંત. ૧
સાગર તીરે જાતાં જોયાં, પોરબંદર ખંભાત,
અખાત ખંભાયતનો કાપ્યો, ઘડવા સુંદર ઘાટ–
વાટ તો બોટ તણી સારી, દીસે છે ખુશનુમા ભારી. ગુર્જર પ્રાંત. ૨
પૂર્વ હદે પ્રીતેથી કાપો, ભૂલ ન થાય લગાર;
ગુર્જરપ્રાંતતણું આ ખોખું, થયું હવે તૈયાર.
પછી સૌ પુરો રંગ સારા, હદોને નિરખીને ન્યારા. ગુર્જર પ્રાંત૦ ૩
દેશી રાજ્યમાં પીળો પુરજો રાતો બ્રિટિશ રાજ,
દીવ દમણમાં લીલો પુરો, જહાં ફીરંગીનું તાજ;
આજ તો આનંદે પ્યારા, પ્રીતથી શોભાવો સારા. ગુર્જર પ્રાંત. ૪
પર્વત ઉંચ પ્રદેશ જહાં છે. રંગે ત્યાં કાળાશ—
જમીન ઝાડી પત્થરવાળી, નીપજે ઝાઝા વાંસ–
હોંસથી અવલોકન કરજો, વિવિધ પશુ પંખી પણ જોજો–ગુર્જર પ્રાંત.૫

કચ્છતણું આ રણ દેખોને, ફરતાં લાગે ત્રાસ
રેતીના ત્યાં ઢગલા નીરખો, પાણીની શી આશ.
પાસ પેલી છે સિંધ પ્રદેશ, ગુર્જરીનો એ છે શુભ વેશ. ગુર્જર પ્રાંત. ૬
જ્યાં જ્યાં પાકે રૂ તલ ઘઉં જવ, ડાંગર અને કઠોળ,
તંબાકુને શેરડી મૂકજો, નીપજે જેનો ગોળ–
સાથમાં શ્રીફળ લો સારૂં, મૂકો જ્યાં દરીયાનું બારૂં. ગુર્જર પ્રાંત. ૭

૫

ભૂમિચિત્રણ.

મુંબાઇ ઇલાકાનું.

રાગ ઉપરનો.

ઇલાકા મુંબાઇનો આજે, નકશો કરો ચિત્ત રાચે;
હોંશથી રચો સર્વ આપે, નીરખતાં હર્ષ અતિ વ્યાપે.
છે લાંબી આ ચાર ફુટની, માટી કેરી પાળ–
અઢી ફુટ દીસે છે પહોળી, નકશો થશે વિશાળ—
બાળ લઇ બાંધો હદ મૃતિકા, સિંધમાં વહે સિંધુ સરિતા.ઇલાકા. ૧
અખાત કચ્છ કેરો આ કાપ્યો, કેવો સુંદર ઘાટ;
કાઠિઆવાડ ફરીને જાતાં, આવ્યું આ ખંભાત––
ભ્રાત દક્ષિણમાં મેં ભાળ્યાં, બંદરો સારામાં સારાં– ઇલાકા. ૨
પૂર્વની હદ યુક્તિથી કાપો, ભૂલ ન થાય લગાર;
મુંબાઇ ઇલાકાનું જો જો, થયું ખોખું તૈયાર.
હવે સૌ પૂરો રંગ ન્યારા, જણાયે વિવિધ દેશ સારા– ઇલાકા. ૩
બ્રિટિશ હદમાં રાતો પૂરો, પીળો દેશી રાજ;
લીલો રંગ પૂરો જ્યાં જ્યાં છે, ફીરંગીનું તાજ—
આબુ પર્વત સારૂ કાળા, કાંકરા રણ રેતી ભાળ્યાં. ઇલાકા. ૪

ઘઉં, જવ, તલ, ને ગોળ લાકડાં, લ્યો હાથમાં કપાસ;
પૂરો પાક પ્રદેશ પ્રાંતમાં, જ્યાં જ્યાંની પેદાશ—
ખાસ જ્યાં વખાણુ એ સારાં, ભૂલશો નહિ બંધુ મારા.ઈલાકા. ૫

૬
ઘડાની કસરત.

(બાળાઓ માટે)

ડાબો પગ ઉપાડો પે'લો, જમણો તેની આગળ થાય;
એવી રીતે ચાલો જાણે, સૌ સખીઓ જળ ભરવા જાય.
ચોખ્ખા ચ્હેરા રાખો સર્વે, ચોખ્ખાં વસ્ત્ર ધરો નિજ અંગ;
હસ્તે મુખડે હાલી ચાલી, શોભાવો સારાં નવરંગ.
શિક્ષકની શિખામણુ માનો, જો જો ચુક જરા નવ થાય;
ગાતાં ગાતાં ચાલો જાણે, તાળ પ્રમાણે મૂકો પાય.
વખત વિત્યો ભણુતર ભણુવાનો, કસરત કેરો આ છે કાળ;
ચંચળ થઇ ચાલો ચિત્ત રાખી, મુખથી નવ બોલો કંઈ બાળ.

(એક મિત્ર તરફથી મળેલું.)

પદાર્થપાઠ.

૧
પોપટ.

પોપટ પંખી ચતુર સુજાણુ,
પઢો પોપટજી શ્રી ભગવાન;
લાલ ચાંચ લીલુડો વાન!
કોટે કાંઠલો, સુંદર ગાન; ૧
પોપટ તું પરદેશે જાય,
દઇ સમાચાર વિશ્વાસુ થાય;

સુંદર પાંજરે પૂરી હઉં,
ગંગારામ ! કહી ખુશી થાઉં. ૨
મગફળી મરચાં ભાવે ઘણાં,
જામફળ, બોર, ચૂંગે ઘણાં;
વિધવિધ ફળો મેવા અનાર;
ખાઇ પી કરે આનંદ અપાર. ૩

૨

કોયલ.

કાળી કોયલ બોલે, કુઉઉઉ !
આંબલીઆની ડાળે. કુઉઉઉ !
વન વગડો ગજાવે, કુઉઉઉ !
અમી ટહુકા રેલાવે. કુઉઉઉ !
ગહન ગીત લલકારે; કુઉઉઉ !
વસંતને સત્કારે. કુઉઉઉ !
મંજરી માંહી છુપાતી; કુઉઉઉ !
ડાળે ડાળ લપાતી. કુઉઉઉ !
શ્રવણ પથે રસ રેડે; કુઉઉઉ !
દુઃખડાં સર્વે ફેડે. કુઉઉઉ !
કોયલ તુજને જાણી; કુઉઉઉ !
વસંતની પટરાણી. કુઉઉઉ !

સીતારામ. જે. શર્મા.

૩

રોટલી.

*ચોખાની ને ઘઉં તણી,

* ચોખાના આટામાં ગરમ પાણી અને ઘઉંનામાં ઠંડુ પાણી નાંખી કણક કેળવવી.

પ્રથમ રોટલી શીખ;
લોટ પાણીથી બાંધીને,
કેરવ કુલકું ઠીક. ૧
કણક થોડીક લેઇને,
વેલણ રાખી હાથ;
વણી ગોળ કર પાતળી,
પછી તવીપર નાંખ્ય. ૨
અર્ધી ચઢે કે તુરત લઈ,
લગાર દઇશ જો તાપ;
ઉપશાને દડો થશે;
બીજી તવીપર નાંખ્ય. ૩

આવકારનાં ગીત.

ભલે પધાર્યા આપ અહીં, શિશુ હિત કરવા કાજ;
સદ્‌ભાવે નમીએ વળી, ધન્ય ભાગ્ય અમ આજ.

૧

દોહરા.

ધન્ય ! ઘડી શુભ આજની, ધન્ય મિતિ શુભવાર;
ધન્ય ! આગમન સજન તમ, શોભે શાળા દ્વાર.
પરમાનંદ પ્રસંગ આ, હર્ષે ભર્યાં શિશુ મન;
અમૃત દૃષ્ટિ હરિ કરો, વર્ષો આનંદ ઘન !

૨

આવો આવો પધારો મોઘેરા મેહેમાન;
અંતરના વ્હાલે વધાવીએ.

અમો દીન તણા અહના આવાસમાં,
તમો ભાગ્યશાળીના અતિ ઉલ્લાસમાં;
ક્યાંથી પગલાં પનોતાં, મોઘેરા મહેમાન. અંતરના.
નથી કલગી કે હાર હેમ ફૂલના,
નથી હીરા માણેક મહા મૂલના,
માત્ર હૈયાના ઉન્હા ઉમળકા તૈયાર. અંતરના.
શાંત સાદાં અમારાં છે આંગણાં,
શાંત સાદાં અમારાં વધામણાં;
વેણ સાદાં પણ દેવાં અમોલાં સન્માન. અંતરના.
નમ્ર આવું અમ સ્વાગત સ્વીકારશો,
વિમળ હૃદય તણા ભાવને વધારશો;
એજ વિનતિ છે તમોને મોઘેરા મેહેમાન. અંતરના.

૩

રાગ માઢ.

ભલે આપે પધારી, હર્ષ વધારી,
કીધી રૂડેરી મહેર;
અમે અતિ આભારી, થયા આવારી,
હર્ષ વધારી કીધી રૂડેરી મહેર. ટેક.
આજનો દહાડો જાણે સોનાનો,
આનંદનો નહિ પાર;
ઈનામ આપવા સાહેબ પધાર્યા,
થયો છે જય જયકાર રે.—
શોભા વધી છે સારી,
આજે આભારી, હર્ષ વધારી, કીધી રૂડેરી મહેર —ભલે.

ઇનામ લઈ આનંદે ઉછળતા,
જઈશું જ્યારે ઘેર,
માત પિતાને મિત્રોને દેખી,
રાજી થશું રૂડી પેર રે:
કૃપા રાખો છો સારી, કલ્યાણકારી,
હર્ષ વધારી કીધી રૂડેરી મહેર. ભલે.

૪

ઉગ્યો આજ રૂપાળો, આ દિનમાળો,
દીન સુખાળો, આનંદ ઉર ન માય, (૨)
× × ભલે પધાર્યા, × × સાથ
હેતથી માલી પ્રીતે ઉજવીએ,
ગાઇને ગાન રસાળ;
રે બ્રીટિશ રાજ્યમાં રહીએ,
સુખીઆં છૈએ-જીવો વર્ષ હજાર-રે ઉગ્યો.
× અને બીજા સાહેબ પધાર્યા,
એ એમનો ઉપકાર.
ન્યાયી અને પ્રજા પાળક પોતે,
શોભે છે કુળ શણગાર,
રે સાચા રાજ્ય સુહાગી વિદ્યાનુરાગી,
બાળક સૌ હરખાય-રૈ. ઉગ્યો.

× જ્યાં જ્યાં આવું ચિન્હ કર્યું છે, ત્યાં મેળાવડામાં પ્રમુખપદ લેનાર માનવંતા સદ્‌ગૃહસ્થનુ અને તે પછી યોગ્યતા પ્રમાણે બીજા લાયક સભ્યોનાં નામ દાખલ કરવાં. આ સુચના નં. ૪, ૫, ૧૦, ૧૧, ૧૫, ૧૬, એ ગીતો માટે છે.

૫

કયાંથી આ સંભળાય મધુર સુર કયાંથી આ સંભળાય એ રાગ.

આનંદ ઉર નવ માય શિશુ દિલ,
આનંદ ઉર નવ માય,
+ × + થાણા, + + + સાથ. અમ દિલ.
લગ્ન પ્રસંગ સમ આજ ઉમંગે (૨)
આપે કીધો ઉપકાર. અમ દિલ.
દિવ્ય શોભા આ આજની નીરખી,(૨)
શિશુ ઘણાં હરખાય. અમ દિલ.
બાળ પૂર્ણ પ્રેમાધીન પરખી (૨)
નિજ ઉર આનંદ થાય. અમ દિલ.
પારિતોષિકના શુભ પ્રસંગે,
આનંદ બહુ વરતાય અમ દિલ.
શ્રમ લઈ અભ્યાસ આદરીયે,
સફળ મનોરથ થાય. અમ દિલ.

૬

આજે આનંદ આનંદ અપાર,
આજે સાહેબ પધાર્યા કૃપાળ
+ + × આજે વિરાજે,
હૈડે હરખ અપાર. આજે આનંદ.
+ + + પધાર્યા.
સર્વ સદ્‌ગૃહસ્થો સંગાથ
દિકર જોડી વિભુને વિનવો,
રાખો સદા સુખમાંય,—
પ્રભુ રાખો સદા સુખમાંય— આજે આનંદ

૭

ગીતિ.

સરસ્વતિ મંદીરે, શોભાનો નહિ પાર આજ દીસે;
માનવંત સાહેબો, પધાર્યા આ બાળબાગ વિષે.

જગતનિયંતા પ્રીતે, આપ હૃદયે શુભ પ્રેરણા કરજો;
ભવિષ્યની પ્રજાને, આપી સુવિદ્યા, જડત્વને હરજો.

ધર્મશાસ્ત્રોની માંહે, સ્થળે સ્થળે એમ વિદ્વવરો કહે છે;
બીજાં દાનો કરતાં, વિદ્યાદાન એ અગણિત ફળ દે છે.

૮

શુભ દિવસ આજ, ધન્ય વાદ ! આપીએ અમે, !
નીતિ પ્રીતિ રીતિ રૂપ, દાખવ્યું તમે;
સુજનતા વિવેક ધૈર્ય શીખવ્યું શ્રમે,
વિલાસ વિદ્યાદેવીનો સદૈવ તો ગમે,
સુમનમાં રમે. શુભ દિવસ. ૧

સત્ય ધર્મરાજ બંધુ પ્રેમે માનીએ,
શાન્ત ધીર વીરના પ્રતાપે હરખીએ;
કૃતોપકાર ! ગુરોપદેશ ! અમૂલ્ય જાણીએ
નેહે નીરખીએ. શુભ દિવસ. ૨

૯

(શ્રી કૃષ્ણકે દરશન માટે આયે સદાશિવ ગોકુલમેં એ રાગ.)

ભલે પધાર્યા + + + +
ખુશી છઇએ તમ દર્શનથી.
નમન અમારૂં સ્વીકારી લેશો, હોંશ ધરી તન મન ધનથી; ભલે.
કુમળાં બાળને જાઇતું બક્ષીસ, અર્પી નવપલ્લવ કરશો. ભલે.
કૃતિ આપની નીરખી નયને, પગલે પગલે ચાલીશું. ભલે.
આપ મોટાંનાં દર્શન થકી અમે આનંદે દિન ગાળીશું. ભલે.

૧૦

કલ્યાણની ગઝલ.

ભલે પધાર્યા નામદાર × × × × આ સ્થળે,
જેથી આનંદનો પ્રસંગ, **સર્વ બાળને મળે;**
પ્રતાપી જ્યોર્જ પાંચમા છે શહેનશાહ આપણા,
રહો ચિરંજીવ સદા ધન્ય ધન્ય છે ઘણા.
બાળકો ચહે—બાળકો ભણે પ્રભુ પ્રત્યે વિનયપણે-(૨)
અમર રહો રાજ તાજ જેમાં નહિ મણા. ભલે પધાર્યા. ૧
સ્કુલો સ્થાપી બાળકોને, જ્ઞાનથી વધારવા;
પ્રજા વિષે સુલેહ સંપ, જંપ સુખ સ્થાપવા.
ન્યાયને નિભાવવા, નીતિ રીતિ લાવવા (૨)
દુઃખને દારિદ્રય કાપી, સર્વને સુધારવા. ભલે પધાર્યા. ૨
ન્યાય નીતિ પૂર્ણ, આપ છો અધિપતિ,
શુર પુરમાં જરૂર, ઊરમાં દયા અતિ;
છે પ્રસન્ન ભારતી, સન્મતિને ધારતી, (૨)
કીર્તિ વિજયધ્વજ સદા, રવી સમી પ્રકાશતી. ભલે પધાર્યા. ૩

૧૧

વધાવો વધાવો બાળ પુષ્પથી, સાહેબને,
પુષ્પથી × સાહેબને, દીનના દયાળને, વધાવો વધાવો૰
પધારી પાવન કર્યા, હર્ષિત વદન કર્યા,
કારજ અમારાં સર્યાં, પેખી આ સમાજને, વધાવો વધાવો૰
સુકાજરૂપી પુષ્પસાર, ખીલ્યાં તે વીણી આ વાર,
આરોપીએ ફુલ અપાર, મીઠડાં લઇને વારંવાર, વધાવો વધાવો૰

બાલોત્કંઠા.

કરીએ સહુ આપણે મિત્રાઇ, ટેક.

શાળામાં સહુ મળી, સુવિદ્યા ધીર ધરી;
મેળવો દૂર કરી, શત્રુતાઇ. કરીએ૦
પારિતોષિક તણા, આ અનુપ પ્રસંગમાં;
સજ્જનો નિરખતાં હર્ષ થાયે કરીએ૦
સુવિદ્યા ઉર ધરી, જડજ બેરિસ્ટર બની;
સંપ કરી દૂર કરો, વૈરતાઇ. કરીએ૦
વકીલ એન્જીનિયર, હુન્નરી તો બની;
વિદેશ જઈ મેળવો, સુજ્ઞતાઇ. કરીએ૦
દીવાન અને દાક્તર અને, સરાફ મેનેજરો;
બનશું ઉદ્યમ થકી, પ્રૌઢ ભાઇ. કરીએ૦
દાન દયા વીર અને, શૂરવીર થઇ કરી;
વિશ્વમાં થાઇશું, સુખદાઈ. કરીએ૦
નિંદા સ્તુતિ લાંચને, ચોરી ચાડી થકી;
દૂર રહી મેળવશું, કીર્તિ ભાઈ. કરીએ૦

(એક મિત્ર તરફથી મળેલું).

૧૩

મહેમાનોને.

મહેમાનો ! ઓ ! વ્હાલાં ! પુનઃ પધારજો ?
તમ ચરણે અમ સદન સદૈવ સુહાવજો ?
કરજો માફ હજારો પામર પાપ જે,

દિન ચર્યામાં પ્રભુ પાસે પણ થાય જો ?—મહેમાનો૦
ઉન્નત ગિરિ શૃંગોનાં વસનારાં ત્હમે,
ઉતર્યા રંક ઘરે શો પુણ્ય પ્રભાવ જો;
શુશ્રૂષા સારી ના અમને આવડી,
લેશ ન લીધો લલિત ઉરેનો લ્હાવજો—મહેમાનો૦
(લલિત)

૬૪

ઉપકાર.

વસંતતિલકા

પ્રેમે ઉમંગ ધરીને જન સૌ પધાર્યા,
આ માંગલિક સમયે અમને ઉધાર્યા;
સૌ હર્ષનાદ કરજો મળી એક તાને,
બાળક સમુહ ઉપકાર ઘણોજ માને.

૬૫

રાગણી

શહેનશાહ બહાદુર **પાંચમા જ્યોર્જ** સાહેબનો વિજય વિજય (૨)
હીપ હીપ હીપ હુર્રરે. (૩)
નામદાર શ્રી × × સાહેબને × સાહેબનો જય જય જય.
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર્રરે. (૩)
વિદ્યા વિભૂષિત મેડમ સાહેબો, વિનતિ અમારી ધરી આપ હૃદય.
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર્રરે. (૩)
દાખી મમતા અમ શિશુ ઉપર, વિદ્યાવૃદ્ધિ ચહો આપ સદાય
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુર્રરે. (૩)

પ્રજાપ્રિય ને વિદ્યા વિનોદી, કેળવણીનો કરવા ઉદય (૨)
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુરરે. (૩)
તન મન ધનથી ઇચ્છા રાખો, બાળમાં વધવાં વિનય વિનય (૨)
શહેનશાહ બહાદુર૦ હીપ હીપ હીપ હુરરે. (૩)

૬૬

જય જય ×મહારાજ પધાર્યા રંગમાંરે,
સજ્જન સંગમાંરે. જય જય. (ટેક)
કમલ ખીલે જયમ સૂર્ય પ્રકાશે,
સભા શોભતિ ત્યમ તમ પાસે;
હર્ષ થયો છે સૌને અંગોઅંગમાંરે,
સજ્જન સંગમાંરે—જય જય.
રાજ્ય વિષે બહુ શાળા સ્થાપી,
અજ્ઞાન તમ નાખ્યું છે કાપી;
શિશુજન સ્નાન કરે છે જ્ઞાનની ગંગમાંરે,
સજ્જન સંગમાંરે—જય જય.
સાધુ મિત્રપર અનુગ્રહ કરવા,
દુષ્ટ શત્રુને સમૂલ હરવા;
વિચરોછો પ્રભુ નિત્ય આપ ઉમંગમાંરે.
સજ્જન સંગમાંરે—જય જય.
તે માટે અમ આશિષ ફળજો,
ચાર પદારથ આપને મળજો;
સુપુત્ર સત્વર હજો આપ ઉત્સંગમાંરે.
સજ્જન સંગમાંરે—જય જય.

મહીકાંઠા કેળવણી ખાતાના ઉદ્ધારક પોલિટિકલ એજન્ટ મે. મેજર એન. એસ. કોધહીલ સાહેબ બહાદુરની બદલી પાલણપુર થવાથી તેમને સાદરા બજાર તાલુકા સ્કુલ પુર ભપકાથી શણગારી, મહીકાંઠા શિક્ષક-સમાજ તરફથી માન આપવા માટે તા. ૧૭-૭-૧૪ ના રોજ મેળાવડો કરવામાં આવેલો તે પ્રસંગે ગવાયેલું ગીત.

૧

રાગ-ત્રિતાળી ચોપાઇ.

સુણી આપ ગમન અધિરાજજી, ઉરમાં ઉદાસી ઉપને;
ઉરમાં ઉદાસી ઉપને, સજ્જન શોકાતુર સૌ બને.
સુણી આપ.

શુભ કાર્યો સુધારાનાં ઘણાં, દુઃખ દળવા રંક પ્રજા તણાં;
કીધાં ખંત ધરી જરી ના મણા, સુખ શાન્તિ પ્રસારી દીને દીને.
સુણી આપ.

ખોટ કેળવણી ખાતા તણી, જેનું કોઈ હતું ના રણી ધણી;
પૂર્ણ કીધી પ્રયત્ને ગણી ગણી, શિશુ શિક્ષક જેથી સુખી બને.
સુણી આપ.

અતિ દુર્ઘટ યત્નો આદરી, પ્રીતે પેન્શન સ્કીમ ઉભી કરી;
પીડ મે'તાજી મનની હરી, કીધું અમર કોધહીલ નામને.
સુણી આપ.

અર્પે આશિશ આજ સમાજ મળી, પ્રભુ આપ ત્રિતાપને લ્યો હરી;
યશ વૈભવ સંપત અર્પી વળી, સુખ શાન્તિની વૃષ્ટિ સદા ભણે.
સુણી આપ.

૨

બદલો તે શું આપીએ, અમ સ્થિતિ લાચાર;
પ્રભુ કને એ યાચીએ, વાધો જગમાં માન.
સારાં કામ કરો સદા, ધરી હૈયામાં હામ;
નામ રહે જગમાં ભલું, સદા રહો સુખ ધામ.

૩

(ક્ષત્રીકલંક.)

આપ પાલણપુર પધારો આજ; સુખે કરી સીધાવજો રે.
પણ યાદ કરી અમને હંમેશ; સાહેબ વહેલા આવજો રે.
આપે મહીકાંઠામાં રહી થોડી વાર; સુખે૦
કીધા અમપર અતી ઉપકાર; સાહેબ૦
કર્યો કેળવણીનો બહુ વિસ્તાર; સુખે૦
કરો પ્રભુ તમ જય જય કાર; સાહેબ૦
બહુ મહીકાંઠા અણઘડ દેશ; સુખે૦
આપે શ્રમથી સુધાર્યો તેનો વેશ; સાહેબ૦
શિક્ષક સમાજ ઉગરથી ચ્હાય; સુખે૦
ફરી એકવાર મહીકાંઠા માંય, સાહેબ વહેલા આવજો રે.

ચતુર્ભુજ મા. ભટ્ટ.

જાહેર ખબર.

રત્નગ્રંથી—અથવા ટૂંકી વા ર્તાઓ:—વડોદરા સરકાર, કાઠિઆવાડ, મહીકાંઠા, પાલણપુર અને બીજાં સ્ટેટોમાં ઇનામ લાઇબ્રેરી માટે અને મુંબાઈ ઇલાકામાં લાઇબ્રેરી બુક તરીકે મંજુર. રૂ. ૦-૮-૦

બાળગીત:—મુંબાઇ ઈલાકામાં કન્યાશાળાઓમાં ઈનામ માટે મંજુર. રૂ. ૦—૧-૦

સુવર્ણકુમારી—(ગુજરાતી પંચની સને ૧૯૧૨ ની ભેટ.):-રૂ.૧—૮-૦

મળવાનું ઠેકાણું:— પ્રયોજક અને પ્રકાશક,

ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ.

વકીલ—**સાદરા.**

આપણો સંસાર સુખી કેમ થઈ શકે ?

અથવા

ગ્રામ્ય મંડળમાં સુધારો (ગદ્ય) મૂલ્ય બે આના.

પ્રસુનાંજલિ (કાવ્યો)... મૂલ્ય ચાર આના.

પ્રયોજક અને પ્રકાશક,

મળવાનાં ઠેકાણાં:— **સીતારામ જે. શર્મા (કડી)**

શર્માસદન, કડીઆવાડ સ્ટ્રીટ,

ન્હાની ભાગોળ-પ્રાંતિજ.

તથા " ગુજરાતી પંચ "—પાંચકુવા—**અમદાવાદ.**

જાહેર ખબર.

મારા તરફથી પ્રગટ થએલાં પુસ્તકો.

૧. **ભૂગોળની મુખ્ય સંજ્ઞાઓ.** ... ... રૂ. ૦—૮

૨. **મહીકાંઠા એજન્સિની સરળ ભૂગોળ:**—ભૂગોળની મુ સંજ્ઞાઓ, (શિખવવાની સુચના સાથે) મહીકાંઠાની વિસ્તૃત સામ ભૂગોળ, સ્ટેટો અને થાણાંની વિસ્તૃત ભૂગોળ સહિત. રોયલ સે પેજી, પંદર ફરમાનું પુસ્તક. કીંમત પાકું પૂઠું. રૂ. ૦—૮

કાચું પૂઠું. રૂ. ૦—૬

૩. **મહીકાંઠા એજન્સિની સામાન્ય ભૂગોળ:**— ભૂગો મુખ્ય સંજ્ઞાઓ, અને સામાન્ય વર્ણન સહિત. (બીજી આવૃત્તિ).

રૂ. ૦—૩—૦

૪. **ઈડર સંસ્થાનની સામાન્ય ભૂગોળ.** (બીજી આવૃત્તિ).

રૂ. ૦—૨—૦

ઉપલાં ચારે પુસ્તકો મહીકાંઠા અને પાલણપુર એજન્સિની સ્કુલો, સાર્વજનિક લાઇબ્રેરીઓ તેમજ સ્કુલોમાં ઇનામ માટે મે. પો. એ. સા. બહાદુરે અને નં. ૩, ૪ નાં (મહીકાંઠા અને ઈડરની સામાન્ય ભૂગોળોનાં) પુસ્તકો મે. ડીરેક્ટર સા. બહાદુરે લાઈબ્રેરી સારૂ મંજુર કર્યાં છે.

૫. **બાળગીત સંગ્રહ:**–સાડા ચાર ફરમાનું પુસ્તક. રૂ. ૦–૩–૦

બાળસંભાષણ:—મોટું પુસ્તક તૈયાર થાય છે.

મળવાનું ઠેકાણું:—

સાદરા. મહીકાંઠા એજન્સિ.	**ભાઇચંદ પુંજાદાસ શાહ.** હેડમાસ્તર તાલુકા સ્કુલ સાદરા. **(મહીકાંઠા.)**